રવિવાર, 8 ફેબ્રુઆરી, 2026 મહા વદ સાતમ
“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## RTO અને પોલીસના દમન સામે મધ્યમ વર્ગ લાચાર, વેપારીઓ સામે કાર્યવાહીમાં તંત્ર મૌન

રાજ્યના ટ્રાફિક વિભાગ અને RTO દ્વારા 'રોડ સેફ્ટી'ના ઓઠા હેઠળ જે આટાપાટા ખેલાઈ રહ્યા છે, તેમાં સામાન્ય જનતા પાયમાલ થઈ રહી છે. વ્હાઈટ લાઈટ અને મોડિફાઈડ લાઈટો પર આકરા પ્રહાર કરવાની વાત કરતી પોલીસ શું એ જોઈ શકતી નથી કે આ બધી જ વસ્તુઓ બજારમાં ખુલ્લેઆમ વેચાઈ રહી છે? અસલી ગુનેગાર કોણ? એ ચાલક જે અજ્ઞાનતામાં લાઈટ લગાવે છે, કે પછી એ વેપારી જે કાયદાના ધજાગરા ઉડાવીને તેનું લાખોનું વેચાણ કરે છે?

દૈનિક પલ્સ સમાચાર આજે સવાલ ઉઠાવે છે કે આ લગામ કોના પર હોવી જોઈએ? દાયકાઓથી એ જ કડવું સત્ય છે કે કાયદો માત્રને માત્ર મધ્યમ વર્ગના માણસને જ કચડવા માટે બનેલો છે. રસ્તા પર નીકળતા નોકરીયાત વર્ગ કે મધ્યમ વર્ગના વાહનચાલકને 'લાઈટ મોડિફિકેશન'ના નામે દંડીને પોલીસ પોતાની કામગીરી સંતોષે છે, પરંતુ જે મેન્યુફેક્ચરર કંપનીઓ આરટીઓ ગાઈડલાઈન્સના ભંગ સાથે આવી લાઈટો બનાવી રહી છે, તેમની ઓફિસો સુધી પોલીસના પગ કેમ પહોંચતા નથી? આ એક વ્યવસ્થિત અને મસમોટું ગોઠવણ હોય તેમ જણાય છે. મોટા બિઝનેસમેન અને વેપારીઓ કરોડોનો કારોબાર કરી મનમાની કરે છે, તેમને કોઈ રોકનાર કે ટોકનાર નથી. શું આ બિઝનેસમેન સામે એક્શન ન લેવા પાછળ કોઈ રાજકીય કે આર્થિક હિતો છુપાયેલા છે? જ્યારે ગ્રાહક કોઈ ગેરકાયદે વસ્તુ ખરીદે છે ત્યારે વેચાણકર્તા પણ સમાન રીતે જવાબદાર હોય છે, છતાં પણ સરકારી તંત્રની તલવાર હંમેશા ગરીબના ગળા પર જ લટકે છે.

કાયદાના રક્ષકો જ્યારે વાહનચાલકોની મજબૂરીનો ફાયદો ઉઠાવતા હોય અને મસમોટા વેપારીઓને અભયદાન આપતા હોય, ત્યારે લોકશાહીના સ્તંભો ડગમગવા લાગે છે. જો તંત્રમાં ખરેખર શિસ્ત લાવવાની તમન્ના હોય, તો લાઈટોનું ગેરકાયદે ઉત્પાદન કરતી ફેક્ટરીઓને સીલ મારો, દુકાનોમાં દરોડા પાડો અને વેચાણ બંધ કરાવો. માત્ર રસ્તા પર ઉભા રહીને લોકોને હેરાન કરવાથી અકસ્માતો નહીં અટકે. આ બેવડા માપદંડો સાબિત કરે છે કે કાયદો માત્ર મધ્યમ વર્ગના ગળે ટૂંપો દેવા માટે જ છે, જ્યારે મૂડીપતિઓ માટે તે 'રબર' જેવો લવચીક છે. જનતા હવે પૂછી રહી છે - અસલી ગુનેગાર પર કાર્યવાહી ક્યારે?




**RTO અને પોલીસ હવે વ્હાઈટ લાઈટના નામે સામાન્ય જનતાને નિશાન બનાવી રહી છે. સવાલ એ છે કે જો લાઈટ ગેરકાયદે છે, તો તેને વેચનારા વેપારીઓ અને બનાવનારા મેન્યુફેક્ચરર સામે કેમ કોઈ કાર્યવાહી થતી નથી?**

## વડોદરા: કેશવ બ્લીઝ પ્રોજેક્ટમાં કરોડોની છેતરપિંડી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે બિલ્ડરની કરતૂત સામે આવી છે. હરણી રોડની ગાંધીપાર્ક સોસાયટીમાં રહેતી મહિલા દમયંતીબેને અણખોલ વિસ્તારના 'કેશવ બ્લીઝ' પ્રોજેક્ટમાં દુકાન નંબર 14 અને 15નું બુકિંગ કરાવ્યું હતું. મહિલાએ બિલ્ડર સુમિત નારાયણ પટેલને દુકાનોનો પુરેપુરો અવેજ પણ ચૂકવી દીધો હતો, જેના બદલામાં તેમને એલોટમેન્ટ લેટર અપાયો હતો.

પરંતુ, લાલચમાં આવીને બિલ્ડરે મહિલા સાથે છેતરપિંડીનું આયોજન કર્યું. તેણે દસ્તાવેજોમાં મહિલાની ખોટી સહીઓ કરી બાનાખત કરાર રદબાતલ કરી નાખ્યો. ત્યારબાદ આ જ મિલકતો અન્ય ખરીદદારોને વેચી મારી હતી. જ્યારે મહિલાને આ છેતરપિંડીની જાણ થઈ ત્યારે તેમણે ન્યાય માટે પોલીસનો આશરો લીધો હતો. કપુરાઈ પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરતા આરોપી સુમિત પટેલને ઝડપી પાડ્યો છે. હાલ પોલીસ એ તપાસ કરી રહી છે કે બિલ્ડરે આ પ્રકારે અન્ય કેટલા લોકો સાથે છેતરપિંડી કરી છે.




**વડોદરામાં બિલ્ડરે મહિલાની ખોટી સહી કરી દુકાન અન્યને પધરાવી**

## ડભોઈ: દીક્ષાર્થી સુભાષભાઈ શાહનો ભવ્ય નગર પ્રવેશ અને મહોત્સવ

**દૈનિક પલ્સ સમાચાર:** ડભોઇ નગરમાં પવિત્ર દીક્ષા મહોત્સવના અવસરે આસ્થા અને સામાજિક એકતાનો અદભૂત સંગમ જોવા મળ્યો છે. આગામી 13 ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહોત્સવમાં સુભાષભાઈ શાહ દીક્ષા ગ્રહણ કરવા જઈ રહ્યા છે. મહોત્સવના વિશેષ કાર્યક્રમમાં શનિવારના રોજ ગુરુભગવંતોએ નિવૃત્ત બેંક કર્મચારી અને વૈષ્ણવ અગ્રણી પિયુષભાઈ પારેખના નિવાસે પધરામણી કરી હતી. વૈષ્ણવ હોવા છતાં જૈન શાસન પ્રત્યેની તેમની આત્મીયતાએ સૌનું દિલ જીતી લીધું હતું.

આચાર્ય શ્રી તીર્થભદ્ર સૂરીશ્વરજી મહારાજે પ્રવચન આપતા સાચા સુખની વ્યાખ્યા સમજાવી હતી. તેમણે કહ્યું કે, સાધન-સામગ્રીના સંચય કરતા વસ્તુનો ત્યાગ કરવાથી જ આત્માને શાંતિ મળે છે. તેમણે ભક્તોને સાદગીપૂર્ણ જીવન જીવવાની શીખ આપી હતી. સવારના આ ધાર્મિક કાર્યક્રમો બાદ આખા નગરમાં દીક્ષાર્થી સુભાષભાઈ શાહનો ભવ્ય નગર પ્રવેશ યોજાયો હતો. રાજુભાઈ લીગસ્થળીવાળાની દુકાન પાસેથી નીકળેલી શોભાયાત્રામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને વાજતે-ગાજતે દીક્ષાર્થીને ઉપાશ્રયે વધાવ્યા હતા. પિયુષભાઈ પારેખના પરિવારે તમામ ગુરુભગવંતો અને મહેમાનોનો આભાર માન્યો હતો. આ મહોત્સવે સાબિત કર્યું છે કે ધર્મ ગમે તે હોય, પણ આસ્થા અને સમરસતા ડભોઇના સંસ્કારોમાં વણાયેલી છે.



**ડભોઇમાં 5 થી 13 ફેબ્રુઆરી દરમિયાન 'રાજયથ દીક્ષા મહોત્સવ' ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. દીક્ષાર્થી સુભાષભાઈ શાહના સન્માનમાં યોજાયેલા વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને ગુરુભગવંતોના પ્રવચને નગરમાં ભક્તિ અને ત્યાગનું અનેરું વાતાવરણ સર્જ્યું છે.**

## વડોદરા: પુત્રવધૂનો હક છીનવવા મૃત પુત્રને અપરણીત બતાવી ઠગાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં મિલકત પચાવી પાડવા માટે કરવામાં આવેલા એક હીન કાવતરાનો ગોત્રી પોલીસે પર્દાફાશ કર્યો છે. આ કેસમાં પીડિતા પીનલબેન માછીએ પોતાના જ સસરા, સાસુ અને જેઠ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. વિગત મુજબ, પીનલબેનના પતિ મહેશનું 2024માં અવસાન થયું હતું. પતિના મૃત્યુ બાદ શોકમગ્ન પત્નીને સાંત્વના આપવાને બદલે સાસરીયાઓએ તેમને મિલકતમાંથી બેદખલ કરવાનું આયોજન કર્યું હતું.

સસરા પુનમભાઈ માછીએ જાણીજોઈને સોગંદનામું કર્યું હતું કે તેમનો પુત્ર મહેશ અપરણીત હતો. આ પાયા વગરના જૂઠાણાના આધારે તેમણે મહેશની ટીપી-14 સ્થિત કરોડોની મિલકત પત્નીની જાણ બહાર પોતાના નામે ટ્રાન્સફર કરાવી લીધી હતી. જ્યારે પીનલબેને સિટી સર્વેની કચેરીમાંથી વિગતો કઢાવી ત્યારે તેમને આ વિશ્વાસઘાતની જાણ થઈ હતી. કાયદેસર રીતે લગ્ન થયા હોવા છતાં અને પત્ની જીવિત હોવા છતાં, મિલકત પડાવવા માટે પુત્રને કુંવારો બતાવવો એ ગંભીર અપરાધ છે. ગોત્રી પોલીસે પીનલબેનની રજૂઆતને ગંભીરતાથી લઈ આરોપીઓ સામે છેતરપિંડી અને ખોટા દસ્તાવેજો બનાવવાની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**વડોદરાના ગોત્રીમાં પુત્રના અવસાન બાદ સાસરીયાઓએ તેને 'અપરણીત' જાહેર કરી તેની મિલકત પોતાના નામે કરી લીધી હતી. પુત્રવધૂ પીનલબેનનો હક છીનવવા ખોટું સોગંદનામું કરનાર સાસુ, સસરા અને જેઠ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો છે.**





## મહુવામાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રા, મિયાપુરમાં સભા

**દૈનિક પલ્સ સમાચાર:** દક્ષિણ ગુજરાતમાં કોંગ્રેસની 'જન આક્રોશ યાત્રા' પાંચમા દિવસે રાજકીય રંગે રંગાયેલી જોવા મળી હતી. સોનગઢથી નીકળેલી આ યાત્રા વ્યારા અને ડોલવણ પસાર કરી મહુવા તાલુકાના કરચલિયા ખાતે પહોંચી હતી. અહીં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને ધારાસભ્ય તુષાર ચૌધરીએ માજી તાલુકા પંચાયત સભ્ય સ્વ. જયંતિભાઈ ચાંપાનેરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ યાત્રા રેલી સ્વરૂપે મિયાપુર ગામે પહોંચી હતી, જ્યાં એક વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં તુષાર ચૌધરીએ વધતી જતી મોંઘવારી અંગે ચિંતા વ્યક્ત કરી હતી, જ્યારે અમિત ચાવડાએ પાવર ગ્રીડ કંપની દ્વારા થતી હેરાનગતિના મુદ્દા પર સરકારને ઘેરી હતી. નેતાઓએ ઉપસ્થિત હજારો કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે, આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપના શાસનને ઉખેડી ફેંકવા અત્યારથી જ કામે લાગી જવું જોઈએ. આ પ્રસંગે વિપુલભાઈ પટેલ, પરિમલ પટેલ અને જીજ્ઞેશ માહ્યાવંશી સહિતના અનેક સ્થાનિક આગેવાનો હાજર રહ્યા



# વડોદરા: 15 ફેબ્રુઆરીએ નીકળશે ભવ્ય શિવજી કી સવારી અને મહાઆરતી

## વડોદરા શિવરાત્રી: 111 ફૂટની શિવ પ્રતિમા પાસે ભવ્ય આરતી



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા એટલે કલા અને સંસ્કૃતિની નગરી, અને આ નગરીની ઓળખ એટલે સુરસાગરના મધ્યમાં બિરાજમાન 111 ફૂટ ઊંચી શ્રી સર્વેશ્વર મહાદેવની ભવ્ય પ્રતિમા. આ વર્ષે પણ મહાશિવરાત્રીના પર્વે, 15 ફેબ્રુઆરી 2026ના રોજ, વડોદરામાં 'શિવજી કી સવારી' રાજસી ઠાઠ સાથે નીકળશે. આ સવારી માત્ર એક ધાર્મિક રેલી નથી, પરંતુ વડોદરાના હજારો નાગરિકોની અખંડ શ્રદ્ધાનું પ્રતીક છે.

યાત્રાનું આયોજન બપોરે 3:30 વાગ્યે પ્રતાપનગરના પૌરાણિક રણમુક્તેશ્વર મહાદેવ મંદિરથી કરવામાં આવ્યું છે. સાડા આઠ ટન વજન ધરાવતા પંચધાતુના નંદી પર બિરાજમાન શિવ પરિવારની પ્રતિમા ભક્તોના આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ યાત્રા પરંપરાગત માર્ગો જેવા કે વાડી, ચોખંડી, માંડવી, ન્યાયમંદિર અને દાંડિયાબજાર થઈને સુરસાગર તળાવના કાંઠે પહોંચશે. સાંજે 7:15 કલાકે જ્યારે હજારો દીવડાઓના તેજ વચ્ચે મહાઆરતી યોજાશે, ત્યારે સુરસાગરનો નજારો સ્વર્ગ સમાન ભાસશે. આ ભવ્ય આયોજન પાછળ વર્ષોનો પુરુષાર્થ રહેલો છે. તત્કાલીન ધારાસભ્ય યોગેશ પટેલે પ.પૂ. સાવલીવાળા સ્વામીજીના આદેશને શિરોધાર્ય કરી વડોદરામાં મહાપ્રતિમા અને શિવ સવારીનો સંકલ્પ કર્યો હતો. વર્ષ 1996માં શરૂ થયેલું આ કાર્ય 2002માં પૂર્ણ થયું અને પ્રમુખસ્વામી મહારાજના હસ્તે તેનું લોકાર્પણ કરાયું. મૂર્તિકાર માતૂરામ વર્મા અને નરેશ વર્માની અદભૂત કારીગરી આજે દેશભરમાં પ્રખ્યાત છે. 2013થી શરૂ થયેલી શિવજીની સવારી આજે જગન્નાથજીની રથયાત્રા જેટલી જ ભવ્યતા મેળવી ચૂકી છે.

આ વર્ષે વિશેષ ઉત્સાહ એ વાતનો છે કે વડોદરાના મેયર દ્વારા સુરસાગરમાં પ્રત્યેક સંધ્યાકાળે શિવજીની આરતી થાય તેવો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે, જે પ્રવાસન અને આધ્યાત્મિકતાને નવો વેગ આપશે. આ ભવ્ય ભક્તિ ઉત્સવમાં જોડાવા માટે વડોદરા અને આસપાસના વિસ્તારોમાંથી લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડવાની સંભાવના છે. સમગ્ર શહેર અત્યારે 'હર હર મહાદેવ'ના નાદ સાથે શિવમય બનવા સજ્જ થયું છે.

**વડોદરામાં આગામી 15 ફેબ્રુઆરીએ મહાશિવરાત્રીના પર્વે પરંપરાગત 'શિવજી કી સવારી' નીકળશે. સુરસાગર તળાવમાં બિરાજમાન 111 ફૂટ ઊંચી શ્રી સર્વેશ્વર મહાદેવની પ્રતિમા સમક્ષ ભવ્ય મહાઆરતી યોજાશે, જેના માટે સંસ્કારી નગરીના શિવભક્તોમાં ભારે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.**

# મિયાગામ-ડભોઈ લાઈન પરથી લોખંડ ચોરતી ગેંગના છ શખ્સો ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** રેલવે સુરક્ષા દળ (RPF) એ મિયાગામ-ડભોઇ રેલવે સેક્શનમાં સક્રિય લોખંડ ચોર ગેંગનો પર્દાફાશ કરી પ્રશંસનીય કામગીરી કરી છે. આ લાઇન હાલમાં બંધ હોવાથી તેનો લાભ ઉઠાવી કેટલાક શખ્સો રેલવેના ટ્રેક સાથે જોડાયેલા લોખંડના મહત્વના ભાગોની ચોરી કરી રહ્યા હતા. RPF ની ટીમે બાતમીને આધારે વોચ ગોઠવી હતી અને જ્યારે ત્રણ શખ્સો પેન્ડલ ક્લિપ કાઢી રહ્યા હતા ત્યારે તેમને દબોચી લીધા હતા.

પકડાયેલા શખ્સોની પૂછપરછમાં આખું નેટવર્ક સામે આવ્યું છે. મુખ્ય આરોપીઓ દિલીપ રતિલાલ વસાવા, નિમેશ છત્રસિંહ ગોહિલ અને યશકુમાર રાઠોડિયાની ધરપકડ કરવામાં આવી છે. આ શખ્સો ચોરીના માલની હેરાફેરી કરવા માટે ડ્રાઈવર અરવિંદભાઈ સોમાભાઈ પ્રજાપતિના વાહનનો ઉપયોગ કરતા હતા. વધુ તપાસમાં બહાર આવ્યું કે આ ચોરીનું લોખંડ સાધલી વિસ્તારમાં રહેતા અય્યુબશા યાકૂબશા, ઇકબાલ હુસેન અબ્દુલ કરીમ ખત્રી અને દાયમા આશિકખાન સિકંદર ખાન ખરીદતા હતા. આ તમામને ઝડપી લેવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન પોલીસે રૂ. 15,525 ની કિંમતની 122 નંગ લોખંડની પેન્ડલ ક્લિપ અને 93 લાઇનર જપ્ત કર્યા છે. લોખંડના વજન અને બજાર ભાવને આધારે તેની કિંમત આંકવામાં આવી છે, જોકે રેલવે સુરક્ષાની દૃષ્ટિએ આ ક્લિપ્સ અત્યંત મહત્વની હોય છે. RPF એ ચોરી માટે વપરાયેલા વાહનો પણ જપ્ત કર્યા છે. રેલવે સંપત્તિને નુકસાન પહોંચાડનારા આ શખ્સો વિરુદ્ધ રેલવે એક્ટ મુજબ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સફળ કામગીરીથી બંધ પડેલી રેલવે લાઇન પર થતી ચોરીની ઘટનાઓ પર બ્રેક લાગવાની શક્યતા છે.

**રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા મિયાગામ-ડભોઇ લાઇન પરથી લોખંડની ચોરી કરતી ગેંગને ઝડપી લેવામાં આવી છે. પેન્ડલ ક્લિપ અને લાઇનરની ચોરી કરનાર અને સામાન ખરીદનાર સહિત કુલ 6 શખ્સોની અટકાયત કરી મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.**

# વિરોદ: રહસ્યમય રીતે લાપતા પરિણીત યુવતીની શોધખોળ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના સાવલી તાલુકાના વિરોદ ગામે રહેતા એક પરિવારની ખુશીઓ પર ચિંતાના વાદળો છવાયા છે. ગામના ઠાકોર ફળીયામાં રહેતા 25 વર્ષીય પરિણીત યુવતી અલ્પીતાબેન પાટણવાડીયા રહસ્યમય રીતે લાપતા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અલ્પીતાબેન ગત 4 ફેબ્રુઆરી 2026ના રોજ સવારે આશરે 11 વાગ્યાના સમયે ઘરેથી નીકળ્યા હતા. લાંબો સમય વીતવા છતાં તેઓ ઘરે પરત ન ફરતા પરિવારે સગા-સંબંધીઓ અને પરિચિતોને ત્યાં તપાસ કરી હતી, પરંતુ તેમનો કોઈ પતો લાગ્યો નહોતો. આખરે યુવતીના પતિ વિશાલ પાટણવાડીયાએ મંજુસર પોલીસ મથકનો સંપર્ક કરી સમગ્ર હકીકત જણાવી હતી. પોલીસે આ મામલે ગુમ જાણવાજોગ ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. પોલીસની વિવિધ ટીમો દ્વારા આસપાસના વિસ્તારો અને સીસીટીવી ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે. મંજુસર પોલીસ દ્વારા જાહેર જનતાને વિનંતી કરવામાં આવી છે કે જો અલ્પીતાબેન અંગે કોઈ પણ કડી કે માહિતી મળે તો તાત્કાલિક પોલીસ મથકનો સંપર્ક કરવો. **રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી**



## વડોદરા: બાપોદના એપાર્ટમેન્ટમાં એસી શોર્ટ સર્કિટથી આગ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં આજે બપોરના સમયે એક એપાર્ટમેન્ટમાં આગ લાગવાની ઘટનાથી અફરાતફરી મચી ગઈ હતી. બાપોદના અમૃત ટાવર રત્નકુંજ ફ્લેટના ત્રીજા માળે એક ફ્લેટમાં એસી યુનિટમાં અચાનક આગ લાગી હતી. આગના ધુમાડા નીકળતા જ એપાર્ટમેન્ટના લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા અને લોકો સુરક્ષિત સ્થળે દોડી ગયા હતા.

પ્રાથમિક તપાસ મુજબ, એસીમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આ આગ લાગી હતી. બનાવની ગંભીરતાને જોઈને રહીશોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. પરિણામે ગાજરાવાડી ફાયર સ્ટેશનની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીગેટ ફાયર સ્ટેશનથી વધારાના પાણીના ટેન્કર મંગાવવામાં આવ્યા હતા. ફાયર જવાનોએ સમયસૂચકતા વાપરીને આગને અન્ય ફ્લેટમાં ફેલાતી અટકાવી હતી અને તેના પર પૂર્ણ કાબૂ મેળવ્યો હતો. રાહતની વાત એ છે કે આ સમગ્ર બનાવમાં કોઈ જાનહાનિ કે ઈજાના સમાચાર નથી, માત્ર આર્થિક નુકસાન થયું છે.

## વડોદરા: ન્યુ સમા રોડ મંદિરમાં મહિલા સાથે અભદ્ર વર્તન

**દૈનિક પલ્સ સમાચાર:** મંદિરોમાં સેવાને બદલે સત્તા ચલાવતા ટ્રસ્ટીઓની માનસિકતાનો ભોગ એક લાચાર મહિલા બની છે. વડોદરાના ન્યુ સમા રોડ પર આવેલી સહયોગ સોસાયટીમાં રહેતા અને ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના વહીવટકર્તા એવા રણજીતસિંહ ઝાલા અને અંબુભાઈએ માનવતા અને મર્યાદાની તમામ હદો વટાવી દીધી છે. ગુરુવારે સાંજે જ્યારે એક મહિલા તેના એક વર્ષના બાળકને સ્ટોલરમાં લઈને મંદિરે પહોંચી, ત્યારે આ ટ્રસ્ટીઓએ જાણે મંદિર તેમની અંગત મિલકત હોય તેમ વર્તન કર્યું હતું. તેમણે સ્ટોલરના બહાને મહિલા સાથે ઉગ્ર ઝઘડો કરી જાહેરમાં અપમાનિત કરી હતી. ટ્રસ્ટીઓએ અહંકારમાં આવીને કહ્યું કે, "મંદિરમાં આવવું હોય તો અમે કહીએ તેમ જ કરવું પડશે." આ વિવાદ એટલો વકર્યો કે મહિલાએ ન્યાય માટે સમા પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા. પોલીસે પરિસ્થિતિની ગંભીરતા સમજીને બંને ટ્રસ્ટીઓ વિરુદ્ધ BNS 79, 351, 352 અને 54 હેઠળ ગુનો દાખલ કર્યો છે. ભક્તો સાથે આ પ્રકારે અમાનવીય વર્તન કરનારા ટ્રસ્ટીઓની ધરપકડ માટે પોલીસે તજવીજ હાથ ધરી છે. આ ઘટનાએ મંદિરના સંચાલકોની કથિત 'સેવા' સામે અનેક સવાલો ઉભા કર્યા છે. સંસ્કારી નગરીમાં સ્ત્રીઓ સાથે આ પ્રકારની ગેરવર્તણૂક સાંખી લેવામાં આવશે નહીં તેવો સંદેશ પોલીસે આ કાર્યવાહી દ્વારા આપ્યો છે

## વડોદરા: વિઝાના નામે પૂજારીના પરિવાર સાથે ઠગાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરમાં વિદેશ મોકલવાના નામે ચાલતું મોટું રેકેટ ફરી એકવાર પકડાયું છે. વાડી રામચોકના રામ ભક્ત હનુમાનજી મંદિરના પૂજારી ભરતભાઈ રાજપૂત આ ઠગાઈનો ભોગ બન્યા છે. બે વર્ષ પહેલાં સંપર્કમાં આવેલા સત્યમ શાહ (વાઘોડિયા રોડ) એ પૂજારીના પુત્ર-પુત્રવધૂ અને પૌત્રીને વિદેશ મોકલવા માટે રૂ. 16.50 લાખનો ખર્ચ બતાવ્યો હતો, જેમાંથી પૂજારીએ ૧૨ લાખ ચૂકવ્યા હતા.

ઠગ સત્યમ શાહ એટલો શાતિર હતો કે તેણે ફરિયાદીને શક ન જાય તે માટે 'વીએફએફ ગ્લોબલ' કંપનીના લોગોવાળા ખોટા એપોઇન્ટમેન્ટ લેટર્સ અને ફી ભર્યાની વિગતો આપી હતી. જોકે, વાડી પોલીસે જ્યારે અમદાવાદ વીએફએફ ગ્લોબલની ઓફિસે જઈને તપાસ કરી ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી કે સત્યમ દ્વારા અપાયેલા તમામ દસ્તાવેજો બોગસ હતા અને કંપની તેને ઓળખતી પણ નથી.

રૂપિયા પરત માંગતા ઠગે જેનજીન ઈન્ટરનેશનલ ફર્મના ખાતામાંથી 5.19 લાખ તો પરત કર્યા પરંતુ બાકીના 6.80 લાખ હજમ કરી ગયો હતો. પૂજારીની જિંદગીની જમાપૂંજી પર તરાપ મારનાર આ ભેજાબાજ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. આ કિસ્સો સાબિત કરે છે કે વિઝા કન્સલ્ટન્સીના નામે વડોદરામાં કેટલું મોટું જોખમ રમી રહ્યું છે.

# સુરેન્દ્રનગરના યુવાનોને મળશે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સંવાદની તક

**દૈનિક પલ્સ સમાચાર:** સુરેન્દ્રનગર જિલ્લા યુવા વહીવટી તંત્ર દ્વારા 'મેરા યુવા ભારત' અંતર્ગત 'માય ભારત બજેટ ક્વેસ્ટ 2026' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનો કેન્દ્રીય બજેટ 2026ના આર્થિક પાસાઓને સમજે અને દેશની અર્થવ્યવસ્થા અંગે જાગૃત થાય તે છે.

જિલ્લા યુવા અધિકારી શ્રી મીષાબેન ખટ્ટરે આયોજન અંગે જણાવ્યું કે, આ સ્પર્ધા બૌદ્ધિક રીતે યુવાનોને મજબૂત બનાવશે. રજીસ્ટ્રેશન માટે 3 થી 17 ફેબ્રુઆરી સુધીની મુદત આપવામાં આવી છે. યુવાનોએ mybharat.gov.in પોર્ટલ અથવા QR કોડ દ્વારા નોંધણી કરાવવાની રહેશે. ત્યારબાદ 17 ફેબ્રુઆરીથી 10 માર્ચ દરમિયાન વિવિધ થીમ પર નિબંધ સ્પર્ધા યોજાશે. અંતિમ તબક્કા માટે જે યુવાનોની પસંદગી થશે, તેમને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વર્ચ્યુઅલ માધ્યમથી સંવાદ કરવાની અદભૂત તક મળશે. આ સંવાદ દ્વારા યુવાનો બજેટની જોગવાઈઓ કેવી રીતે સુલભ બનાવી શકાય તે અંગે સૂચનો પણ આપી શકશે. સુરેન્દ્રનગરના જાગૃત અને ઉત્સાહી યુવાનો આ સુવર્ણ તક ઝડપી લે અને રાષ્ટ્રીય સ્તરે જિલ્લાની પ્રતિભાનું પ્રદર્શન કરે તેવો અનુરોધ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આ સ્પર્ધા દેશના ભાવિ નાગરિકોને રાષ્ટ્રીય નીતિ ઘડતરની પ્રક્રિયા સાથે જોડવાનું એક સશક્ત માધ્યમ સાબિત થશે.




## વિશ્વામિત્રીમાં મગરોની ગણતરી: MS યુનિવર્સિટીની પહેલ



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની ઓળખ સમાન વિશ્વામિત્રી નદીમાં મગરોની વસ્તી ગણતરીનો પ્રારંભ થયો છે. MS યુનિવર્સિટીના ઝૂઓલોજી વિભાગના 30 વોલિન્ટિયર્સ, વન વિભાગ અને NGOની મદદથી 25 કિમીના વિસ્તારમાં સર્વે હાથ ધરાયો છે. મગરો તાપ શેકવા બહાર આવે ત્યારે 'ડાયરેક્ટ સાઇટિંગ' અને રાત્રે ટોર્ચ લાઈટની મદદથી આંખોની ચમક દ્વારા ગણતરી કરવામાં આવશે. વર્ષ 2025 પછી આ મહત્વપૂર્ણ ગણતરી ફરી હાથ ધરવામાં આવી છે.

## વડોદરા: વાડીમાં નોકરી કરતી યુવતીએ જીવન ટૂંકાવ્યું



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના વાડી વિસ્તારમાં એક ૧૯ વર્ષીય યુવતીના આપઘાતથી ચકચાર મચી છે. વાડી પહેલા ફળિયાના ઉમંગ કોમ્પલેક્ષમાં રહેતી ભૂમિકા પાટીદાર નામની યુવતીએ ગત સાંજે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટના સમયે માતા નોકરી પર અને બહેનો બહાર હતી. બહેનો ઘરે પરત ફરતા દરવાજો બંધ જણાતા પાડોશીઓની મદદથી દરવાજો તોડવામાં આવ્યો હતો, જ્યાં ભૂમિકાનો મૃતદેહ મળી આવ્યો હતો.

## વડોદરા: પરિણીતાને બ્લેકમેલ કરી દુષ્કર્મ ગુજારનાર ઝડપાશે



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા બે સંતાનના પિતાએ એક પરિણીતા સાથે મિત્રતા કેળવી પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ મહિલાને મધ્યપ્રદેશ અને વિવિધ હોટલોમાં લઈ જઈ દુષ્કર્મ ગુજાર્યું હતું. મહિલાએ સંબંધ રાખવાની ના પાડતા આરોપીએ તેના ખાનગી ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, આરોપીએ મહિલાના પતિને જાનથી મારી નાખવાની પણ ધમકી આપી હતી. આ ત્રાસથી કંટાળીને મહિલાએ આખરે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ભાવનગર: જશોનાથ સર્કલથી મોતીબાગ રોડ અધૂરો, જનતા પરેશાન

## ભાવનગર: કોર્પોરેશનની લાપરવાહી, અધૂરા રોડે અકસ્માત વધ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર મહાનગરપાલિકામાં બેઠેલા શાસકો અને અધિકારીઓ માટે 'વહીવટ' માત્ર કાગળ પર જ સીમિત હોય તેવું લાગે છે. જશોનાથ સર્કલથી મોતીબાગ સુધીનો મુખ્ય માર્ગ છેલ્લા 20 દિવસથી અધૂરો હોવાના કારણે હજારો વાહનચાલકો હેરાન થઈ રહ્યા છે. વન-સાઈડ રોડ બનાવીને તંત્રએ કામ પૂરું થયાનો સંતોષ માની લીધો, પણ બાકી રહેલા ઉબડ-ખાબડ રસ્તા પર થતા અકસ્માતોની જવાબદારી કોની? ભાવનગર શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ પ્રકાશ વાઘાણીએ આ મામલે આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે, તંત્રના આયોજન વગરના કામોથી જનતાના પૈસાનું પાણી થઈ રહ્યું છે. રોડ બનાવ્યા પછી ડ્રેનેજ કે સ્ટોર્મ વોટર લાઈનના નામે ફરી ખોદકામ કરવું એ ભ્રષ્ટાચારની સીધી નિશાની છે. અધિકારીઓ પાસે જ્યારે જવાબ માંગવામાં આવે ત્યારે તેઓ 'ટેકનિકલ ઈસ્યૂ' ના બહાના કાઢીને હાથ ખંખેરી નાખે છે. કોર્પોરેશનના ઇન્ચાર્જ ઇજનેર હિતેશ ચૌધરી રવિવાર સુધીમાં કામ પૂરું કરવાની ખાતરી આપી રહ્યા છે, પરંતુ સવાલ એ છે કે આટલા દિવસ સુધી લોકોની હાલાકી સામે તંત્ર કેમ આંખ આડા કાન કરતું રહ્યું? આ માર્ગ મુખ્ય બજારનો હોવાથી વેપારીઓને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે. તંત્રની આ નિંભરતા સાબિત કરે છે કે તેમને જનતાની સુવિધામાં નહીં પણ માત્ર કોન્ટ્રાક્ટરોના હિતમાં જ રસ છે.



**ભાવનગરના જશોનાથ સર્કલ પાસે તંત્રની નઘરોળ નીતિ સામે આવી છે. 20 દિવસથી અડધો રોડ બનાવી કામ પડતું મુકાતા અકસ્માતો વધી રહ્યા છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે શાસકો અને અધિકારીઓના અણઘડ વહીવટમાં પ્રજા પીસાઈ રહી છે.**

# દાહોદ: ધાનપુર-ગાંગરડી માર્ગ વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકા માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. વર્ષો જૂના ધાનપુર-ગાંગરડી રોડના ડામર નવીનીકરણના કાર્યનો વિધિવત પ્રારંભ થયો છે. રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અંદાજિત રૂ. 19.50 કરોડના ખર્ચે 21.200 કિલોમીટરના આ માર્ગને નવપલ્લવિત કરવામાં આવશે.

આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત ધારાસભ્ય બચુભાઈ ખાબડ અને મહિન્દ્ર ભાભોર દ્વારા સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. નવીનીકરણ બાદ આ માર્ગ ધાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારો માટે જીવાદોરી સમાન સાબિત થશે. ખેડૂતો પોતાના પાકને બજાર સુધી સરળતાથી લઈ જઈ શકશે અને વિદ્યાર્થીઓને પણ સ્કૂલ-કોલેજ જવામાં સરળતા રહેશે.

ધારાસભ્ય બચુભાઈ ખાબડે સંબોધનમાં ઉમેર્યું કે, અંતરિયાળ વિસ્તારોમાં આધુનિક રોડ-રસ્તા પૂરા પાડવા એ સરકારની પ્રાથમિકતા છે. માર્ગો મજબૂત બનશે તો જ વિસ્તારમાં નવા ઉદ્યોગો અને સુવિધાઓ આવશે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ સહિત અધિકારીઓ હાજર રહ્યા હતા. ગ્રામજનોએ પણ મોટી સંખ્યામાં ઉમટી પડીને ફૂલહાર સાથે વિકાસ કાર્યને વધાવ્યું હતું. આ માર્ગ તૈયાર થતાં જ ધાનપુરથી ગાંગરડી વચ્ચેનો પ્રવાસ વધુ સુરક્ષિત અને ઝડપી બનશે.



# સુરત: સ્પેશિયલ 26 સ્ટાઈલમાં તોડ કરતો નકલી IT ઓફિસર ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતમાં પોલીસ અને આઈટી વિભાગના નામે તોડબાજી કરનારા ઠગબાજો બેફામ બન્યા છે. વરાછા પોલીસ સ્ટેશનની હદમાં આવેલી ગ્લોબલ ટેક્સટાઇલ માર્કેટમાં 51 વર્ષીય વિજયસિંહ ચૌહાણ સુટબૂટ અને ચશ્મા ચઢાવીને ઇન્કમ ટેક્સ ઓફિસર તરીકે ત્રાટક્યો હતો. વેપારીઓમાં ફફડાટ ફેલાવી આ ઠગબાજે ટેક્સની ગેરરીતિ પકડવાના નામે 30 લાખ રૂપિયાની ખંડણી માંગી હતી. જોકે, રુઆબ બતાવવામાં તેણે જે રીતે ફાઈલો પછાડી તે જોઈને વેપારીઓને કંઈક અજુગતું લાગ્યું હતું.

તપાસમાં જાણવા મળ્યું છે કે આ આરોપી સુરત આવ્યાના માત્ર 24 કલાકમાં જ પોતાનો પ્લાન અમલમાં મૂકી ચૂક્યો હતો. તે રાજસ્થાનના પાલીમાં અગાઉ ટેક્સ સંબંધિત છૂટક કામ કરતો હોવાથી આઈટી વિભાગના દરોડાની પદ્ધતિ સારી રીતે જાણતો હતો. પરંતુ, તે ભૂલી ગયો કે સુરતની પોલીસ અને વેપારીઓ પણ કાચા નથી. વેપારીએ સતર્કતા દાખવી પોલીસને જાણ કરી અને વરાછા પોલીસે બ્લીસ હોટલ ખાતેથી આ 'સુટબૂટ વાળા ગુંડા'ને દબોચી લીધો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં તે પોતાને આઈટી વિભાગનો ઇન્ફોર્મર હોવાનો દાવો કરી રહ્યો છે, જે તદ્દન પાયાવિહોણો જણાય છે. આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે ચમકતો દરેક પદાર્થ સોનું હોતો નથી અને સુટબૂટમાં ફરતો દરેક વ્યક્તિ ઓફિસર નથી હોતો. હાલમાં આ ઠગબાજ જેલની હવા ખાઈ રહ્યો છે.

**સુરતમાં અક્ષય કુમારની ફિલ્મ 'સ્પેશિયલ 26' જેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સુટબૂટ અને ગોગલ્સ પહેરી આઈટી ઓફિસરનો રૂઆબ બતાવી વેપારીઓને ડરાવતો રાજસ્થાનનો ઠગ વિજયસિંહ ચૌહાણ વરાછા પોલીસની ઝપટે ચઢ્યો છે. ગ્લોબલ માર્કેટમાં દરોડાના નામે તેણે 30 લાખની માંગણી કરી હતી. જોકે, તેની ઓવર-એક્ટિંગ અને ફાઈલો પછાડવાની રીતભાત પર વેપારીને શંકા જતા પોલીસ બોલાવાઈ હતી. પોલીસે બ્લીસ હોટલ પર છાપો મારી આ નકલી સાહેબની શાન ઠેકાણે લાવી દીધી છે.**

# જયરાજ આહીરના જામીન મંજૂર: 14 દિવસ બાદ જેલમુક્તિ

**દૈનિક પલ્સ સમાચાર:** બગદાણામાં નવનીત બાલધિયા પર થયેલા હુમલાના કેસમાં સંડોવાયેલા લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીર સહિત 6 આરોપીઓને મોટી રાહત મળી છે. મહુવા કોર્ટમાં બન્ને પક્ષોના વકીલોની લાંબી દલીલો બાદ કોર્ટે આરોપીઓના શરતી જામીન મંજૂર કર્યા છે. જેલમુક્ત થયેલા આરોપીઓમાં જયરાજ આહીર, નાજુ કામળિયા, કાના કામળિયા, સંજય ચાવડા, દિનેશ સોલંકી અને અજય ભાલીયાનો સમાવેશ થાય છે.

14 દિવસ ભાવનગર જેલના સળિયા પાછળ વિતાવ્યા બાદ આજે જ્યારે જયરાજ આહીર બહાર આવ્યો ત્યારે તે એક અલગ અંદાજમાં જોવા મળ્યો હતો. તેના હાથમાં પવિત્ર ગ્રંથ ભગવદ્ ગીતા હતી. જેલની બહાર નીકળી તેણે મિત્રો સાથે હાથ મિલાવ્યા હતા અને કારમાં રવાના થતી વખતે પણ હાથમાં ગીતાજી રાખી હતી. ઉલ્લેખનીય છે કે, હુમલાનો ભોગ બનનાર નવનીત બાલધિયાએ અગાઉ આરોપીઓને જેલમાં VVIP સુવિધા મળતી હોવાનો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો.

**બગદાણાના નવનીત બાલધિયા પર થયેલા હુમલા કેસમાં માયાભાઈ આહીરના પુત્ર જયરાજ સહિત 6 આરોપીઓના શરતી જામીન મંજૂર થયા છે. 14 દિવસ બાદ જેલમુક્ત થયેલા જયરાજ આહીરના હાથમાં ભગવદ્ ગીતા જોવા મળી હતી, જે ચર્ચાનો વિષય બની છે.**

# સુરત: યાર્ન ગોડાઉનમાં ભીષણ આગથી અફરાતફરી

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતનું સચિન ફરી એકવાર આગની જ્વાળાઓમાં લપેટાયું છે. જયરાજ ઇન્ડસ્ટ્રીના ચોથા માળે આવેલા યાર્ન ગોડાઉનમાં લાગેલી આગે ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટીના પોકળ દાવાઓની પોલ ખોલી નાખી છે. યાર્ન જેવી જ્વલનશીલ સામગ્રી હોવાથી આગ એટલી ઝડપથી પ્રસરી કે શ્રમિકોને જીવ બચાવવા માટે ભાગવું પડ્યું હતું. આખી ઇન્ડસ્ટ્રીમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ફાયર વિભાગની ગાડીઓ પહોંચી ત્યાં સુધીમાં તો આકાશ કાળા ધુમાડાથી ભરાઈ ગયું હતું. જોકે, કોઈ જાનહાનિ નથી થઈ તે નસીબની વાત છે, પરંતુ આર્થિક નુકસાનનો આંકડો મોટો છે. સવાલ એ છે કે, આવી મોટી ઇન્ડસ્ટ્રીઝમાં વારંવાર શોર્ટ સર્કિટના નામે જ કેમ આગ લાગે છે? શું મેન્ટેનન્સમાં વેઠ ઉતારવામાં આવે છે? ફાયર ફાઈટરોએ ભારે જહેમતે કાબૂ તો મેળવ્યો, પણ જવાબદારો સામે કોઈ કડક કાર્યવાહી થશે કે પછી આ મામલો પણ 'ઠંડો' પાડી દેવામાં આવશે?

**સુરતના સચિન વિસ્તારમાં આવેલી જયરાજ ઇન્ડસ્ટ્રીમાં આગની ભયાનક ઘટના સામે આવી છે. યાર્નના જથ્થાથી ભરેલા ચોથા માળના ગોડાઉનમાં લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. શ્રમિકોના જીવ તાળવે ચોંટ્યા હતા અને ધુમાડાના ગોટેગોટા દુર સુધી દેખાયા હતા. ફાયર વિભાગે જહેમત તો કરી, પણ ત્યાં સુધીમાં લાખોનો માલ બળીને રાખ થઈ ચૂક્યો હતો. પ્રાથમિક રીતે શોર્ટ સર્કિટનું બહાનું તો અપાઈ ગયું છે, પણ શું અહીં ફાયર સેફ્ટીના સાધનો પૂરતા હતા? કે પછી ઉદ્યોગપતિઓની બેદરકારીનો ભોગ શ્રમિકો બનતા રહેશે?**

# વરાછામાં યુવતીને બ્લેકમેઈલ કરી સામુહિક દુષ્કર્મ આચરનાર બે ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના વરાછા પંથકમાં રહેતી અને સિલાઈકામ દ્વારા પરિવારને આર્થિક ટેકો આપતી 20 વર્ષીય યુવતી પર પાંચ શખ્સોએ સામુહિક દુષ્કર્મ ગુજાર્યું હોવાની હચમચાવી દેતી ફરિયાદ નોંધાઈ છે. આ કેસની વિગતો મુજબ, પાડોશમાં રહેતા અશોક નામના પરિણીત શખ્સે યુવતીને લગ્નની લાલચ આપી વિશ્વાસ જીત્યો હતો. નવેમ્બર 2024માં તેણે યુવતી સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા અને તેની જાણ બહાર મોબાઈલમાં વીડિયો ઉતારી લીધો હતો.

અશોકે આ વીડિયોનો હથિયાર તરીકે ઉપયોગ કરી યુવતીને સતત બ્લેકમેઈલ કરી હતી. તેણે યુવતીને ધમકી આપી હતી કે જો તે તેના મિત્રો લાલા દરબાર, ભવદીપ અને રણજિતના તાબે નહીં થાય તો તે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેશે. આ નરાધમોએ વારાફરતી યુવતી પર દુષ્કર્મ ગુજાર્યું હતું. પીજી માલિક અર્જુને પણ આ બાબતે કોઈને ન કહેવા ધમકાવી યુવતી સાથે છેડતી કરી હતી. હવસખોરોએ યુવતીની લાચારીનો ફાયદો ઉઠાવી તેની પાસેથી 23,000 રૂપિયા રોકડા અને અંદાજે એક તોલાની સોનાની બુટ્ટી પણ બળજબરીપૂર્વક પડાવી લીધી હતી.

નરાધમોના ત્રાસથી કંટાળેલી યુવતીએ અંતે હિંમત ભેગી કરી પરિવારને સત્ય હકીકત જણાવી હતી. પરિવારે હિંમત આપતા વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ડીસીપી આલોક કુમાર અને પીઆઈ એચ.બી. પટેલની આગેવાનીમાં પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી પાંચેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આ પૈકી રણજિત આહીર અને અર્જુન આહીરની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે મુખ્ય આરોપી અશોક સહિત અન્ય ત્રણ ફરાર શખ્સોને પકડવા માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. પોલીસ આ કેસમાં ટેકનિકલ પુરાવા અને સીસીટીવી ફૂટેજ પણ એકત્ર કરી રહી છે જેથી આરોપીઓને કડક સજા અપાવી શકાય. આ ઘટનાએ ફરી એકવાર મહિલા સુરક્ષા અને પીજી જેવા સ્થાનો પર અસામાજિક તત્વોના વધતા આતંક સામે સવાલો ઉભા કર્યા છે.

**સુરતના વરાછામાં 20 વર્ષીય યુવતી પર પાંચ શખ્સોએ સામુહિક દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી છે. મુખ્ય આરોપીએ લગ્નની લાલચે વીડિયો ઉતારી બ્લેકમેઈલિંગ કરી મિત્રો પાસે પણ દુષ્કર્મ કરાવ્યું હતું. પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી તપાસ તેજ કરી છે.**

# સુરત: રાત્રે આતંક મચાવનારા તત્વોને પોલીસે ભણાવ્યો પાઠ

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના માન દરવાજા વિસ્તારમાં શાંતિ હણનારા અસામાજિક તત્વોની શાન પોલીસે ઠેકાણે લાવી છે. ગત 5મી ફેબ્રુઆરીની મધરાતે રેલવે રાહત કોલોનીમાં 9થી વધુ બાઈકો પર સવાર થઈને આવેલા અસામાજિક તત્વોએ ભારે હોબાળો મચાવ્યો હતો. આ શખ્સોએ માત્ર ઘોંઘાટ જ નહીં, પરંતુ રસ્તામાં એક રિક્ષાચાલક સાથે પણ મારામારી કરી હતી. આ આખી ઘટના વિસ્તારના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતા સલાબતપુરા પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી ત્રણ મુખ્ય આરોપીઓને દબોચી લીધા હતા. સામાન્ય જનતામાં સુરક્ષાની ભાવના જળવાઈ રહે તે હેતુથી પોલીસે આ શખ્સોને તે જ વિસ્તારમાં લઈ જઈને રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. જે સ્થળે આ તત્વોએ દાદાગીરી કરી હતી, ત્યાં જ તેમણે કાન પકડીને જાહેરમાં માફી માંગી હતી. પોલીસની આ કડક કાર્યવાહીને સ્થાનિક લોકોએ આવકારી છે અને હવે અસામાજિક તત્વોમાં પણ કાયદાનો ડર જોવા મળી રહ્યો છે.



**સુરતના માન દરવાજામાં 5મી ફેબ્રુઆરીની રાત્રે બાઈકો પર આતંક મચાવનારા અને રિક્ષાચાલક સાથે મારામારી કરનારા અસામાજિક તત્વોને સલાબતપુરા પોલીસે ઝડપી લીધા છે. પોલીસે તે જ વિસ્તારમાં આરોપીઓને લઈ જઈ જાહેરમાં કાન પકડાવી માફી મંગાવી કાયદાનું ભાન કરાવ્યું હતું.**

# ચંડોળા તળાવના વિસ્થાપિતોના નામ મતદાર યાદીમાંથી હટાવવા મુદ્દે ફરિયાદ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં ચંડોળા તળાવના વિસ્થાપિતોના મતાધિકાર મુદ્દે રાજકીય સંગ્રામ છેડાયો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં ચંડોળા તળાવમાં મોટા પાયે ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં હજારો લોકો બેઘર થયા હતા. હવે આ વિસ્થાપિતોના નામ મતદાર યાદીમાંથી ગાયબ થઈ જતાં વિવાદ વધુ વકર્યો છે. આ ગંભીર મુદ્દે આજે (7 ફેબ્રુઆરી) દાણીલીમડા વોર્ડના કોર્પોરેટર અને વિપક્ષના નેતા શહેજાદખાન પઠાણ વિસ્થાપિતોના ટોળા સાથે ઈસનપુર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

શહેજાદખાન પઠાણે આક્ષેપ કર્યો છે કે ભાજપના કાર્યકર્તાઓ દ્વારા વ્યવસ્થિત રીતે એક કાવતરું ઘડવામાં આવ્યું છે. તેમણે ભાજપના કાર્યકર્તાઓના ફોટા અને પુરાવા સાથે જણાવ્યું કે, 400 જેટલી ફોર્મ નંબર 7ની ડમી અરજીઓ તૈયાર કરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ ચોક્કસ વિસ્તારના મતદારોના નામ યાદીમાંથી દૂર કરવાનો છે. ફોર્મ નંબર 7 એ કોઈ પણ મતદારનું નામ યાદીમાંથી હટાવવા માટે ઉપયોગમાં લેવાય છે. ચંડોળા તળાવમાં જે લોકોના મકાનો તોડી પાડવામાં આવ્યા છે, તેમની પાસે હાલમાં કોઈ કાયમી રહેઠાણ નથી. આ લોકોમાંથી ઘણા અત્યારે ફૂટપાથ પર અથવા સંબંધીઓના ઘરે આશરો લઈ રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વિસ્થાપિતોને EWS (આર્થિક રીતે નબળા વર્ગ) ના મકાનો આપવાની બાંયધરી આપવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કોઈ નક્કર અમલીકરણ થયું નથી. આ સ્થિતિનો લાભ લઈને તેમના નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે ભાજપના કાર્યકર્તાઓએ સક્રિય ભૂમિકા ભજવી હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. શહેજાદખાન પઠાણે ઈસનપુર પોલીસ સમક્ષ માંગ કરી છે કે આ પ્રકારે ખોટા ફોર્મ ભરી લોકશાહીની પ્રક્રિયા સાથે છેડછાડ કરનાર ભાજપના કાર્યકર્તાઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવે. આ મામલે વિપક્ષે ચૂંટણી પંચનું પણ ધ્યાન દોરવાની તૈયારી કરી છે.

**અમદાવાદના ચંડોળા તળાવના ડિમોલિશન બાદ વિસ્થાપિતોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. વિપક્ષ નેતા શહેજાદખાન પઠાણે ભાજપના કાર્યકરો દ્વારા ખોટા 'ફોર્મ નંબર 7' ભરીને મતદારોના નામ કમી કરાવવાના આક્ષેપ સાથે પોલીસ ફરિયાદ માટે રજૂઆત કરી છે.**

# બાબરાના કોટડાપીઠા ગામે 1.30 કરોડના ખર્ચે બનશે નવો સીસી રોડ

## ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ કોટડાપીઠા માટે મંજૂર કર્યો રોડ

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસલક્ષી અભિગમથી બાબરા તાલુકાના કોટડાપીઠા ગામના વિકાસને નવો વેગ મળ્યો છે. ધારાસભ્યશ્રીએ રાજ્ય સરકારમાંથી કોટડાપીઠા ગામ માટે રૂ. 1.30 કરોડના ખર્ચે 'સુવિધાપથ' પ્રોજેક્ટ મંજૂર કરાવ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ ગામમાં અત્યાધુનિક અને ટકાઉ સીસી રોડનું નિર્માણ કરવામાં આવશે.

કોટડાપીઠા ગામથી કરણૂકીના કાચા રસ્તાને જોડતો આ નવો સીસી રોડ સ્થાનિક ખેડૂતો અને મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. અત્યાર સુધી આ માર્ગ કાચો હોવાથી ગ્રામજનોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો, પરંતુ હવે પાકો રસ્તો બનતા આ પ્રશ્નનો કાયમી ઉકેલ આવશે. 1.30 કરોડની ફાળવણીથી ગામની આંતરમાળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બનશે.

આ મહત્વપૂર્ણ સિદ્ધિ બદલ યુવા ભાજપ અગ્રણી તુષારભાઈ રામાણીએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ધારાસભ્યના દ્રષ્ટિવંત નેતૃત્વમાં બાબરા-વડિયા પંથકમાં રસ્તા, પાણી અને શિક્ષણ જેવી પાયાની સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. કોટડાપીઠા ગામે મંજૂર થયેલા આ રસ્તાના કામથી ગ્રામજનોમાં હર્ષની લાગણી ફેલાઈ છે અને આગામી દિવસોમાં આ કામગીરી શરૂ થતાં ગામના વિકાસમાં નવું છોગું ઉમેરાશે.

**રિપોર્ટ : મનીષ રામાણી**



**અમરેલીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી બાબરાના કોટડાપીઠા ગામે રૂ. 1.30 કરોડના ખર્ચે સુવિધાપથ મંજૂર થયો છે. કરણૂકીના કાચા રસ્તાને જોડતા આ સીસી રોડના નિર્માણથી સ્થાનિકોને મોટી સુવિધા મળશે, જે બદલ તુષારભાઈ રામાણીએ ધારાસભ્યનો આભાર માન્યો હતો.**

# અમદાવાદ: ડિસ્ટ્રિક્ટ આયુષ સોસાયટીની બેઠક યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ જિલ્લામાં આયુષ ચિકિત્સા પદ્ધતિના વિકાસ અને વિસ્તાર માટે એક મહત્વપૂર્ણ ડગલું ભરવામાં આવ્યું છે. 6 ફેબ્રુઆરી 2026ના રોજ કલેક્ટર કચેરી, અમદાવાદ ખાતે અધિક નિવાસી ડેપ્યુટી કલેક્ટર ડો. એચ. યુ. શાહની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ આયુષ સોસાયટીની ગવર્નિંગ બોડીની બેઠક સફળતાપૂર્વક યોજાઈ હતી.

આ બેઠકનો મુખ્ય એજન્ડા વર્ષ 2026-27 માટેનો ડિસ્ટ્રિક્ટ એન્યુઅલ એક્શન પ્લાન તૈયાર કરી તેને બહાલી આપવાનો હતો, જેને તમામ સભ્યોએ સર્વસંમતિથી મંજૂરી આપી હતી. બેઠકમાં ઇન્ચાર્જ જિલ્લા આયુર્વેદ અધિકારી ડો. રાજકુમાર પાંડે અને ગુજરાત આયુર્વેદ મેડિકલ એસોસિએશનના ચેરમેન ડો. હસમુખ સોનીએ આયુષ સેવાઓના અમલીકરણ અંગે જરૂરી સૂચનો કર્યા હતા. કમિટીના અન્ય સદસ્યોની ઉપસ્થિતિમાં આ એક્શન પ્લાન દ્વારા આગામી વર્ષમાં આરોગ્યલક્ષી સુવિધાઓને વધુ પ્રભાવી બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો. આ આયોજનથી જિલ્લાના છેવાડાના માનવી સુધી આયુર્વેદિક ઉપચાર પહોંચાડવામાં સરળતા રહેશે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

**અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે ડેપ્યુટી કલેક્ટર ડો. એચ. યુ. શાહના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રિક્ટ આયુષ સોસાયટીની બેઠક યોજાઈ હતી. જેમાં વર્ષ 2026-27 માટેના એન્યુઅલ એક્શન પ્લાનને સર્વસંમતિથી મંજૂરી આપવામાં આવી છે, જે આયુષ સેવાઓને વધુ વેગ આપશે.**

# કેશોદ: આંબાવાડીમાં હનુમાનજીની ભવ્ય મૂર્તિનું અનાવરણ અને મહાઆરતી

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદ શહેરના મધ્યમાં આવેલા આંબાવાડી વિસ્તારના બગીચામાં આજે એક ઐતિહાસિક અને પવિત્ર પ્રસંગ સાકાર થયો હતો. ઘણા સમયથી રાહ જોવાતી હનુમાનજી મહારાજની ભવ્ય અને તેજસ્વી પ્રતિમાનું આજે વિધિવત રીતે અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને યાદગાર બનાવવા માટે સ્થાનિક રહીશો અને ભક્તો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની વિગતો મુજબ, સવારે પ્રતિમાની પૂજા-અર્ચના કર્યા બાદ, બપોરે ભક્તો દ્વારા હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતા. હજારો ભક્તોના કંઠે ગવાયેલી ચાલીસાથી આખો વિસ્તાર ભક્તિમય બની ગયો હતો. ત્યારબાદ યોજાયેલી ભવ્ય મહાઆરતીમાં દીવાઓના પ્રકાશથી આખો બગીચો ઝળહળી ઉઠ્યો હતો. શ્રદ્ધાળુઓની મોટી મેદનીને જોતા વ્યવસ્થાપકો દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવી હતી, જેથી દરેક ભક્ત શાંતિથી દર્શન કરી શકે. 'જય હનુમાન' અને 'જય શ્રી રામ'ના ગગનભેદી નાદ સાથે આસપાસનું વાતાવરણ ધાર્મિક ઉર્જાથી ભરાઈ ગયું હતું. આ મૂર્તિના સ્થાપનથી આંબાવાડી વિસ્તારના લોકોમાં આનંદની લહેર દોડી ગઈ છે. આ પ્રતિમા હવે આ વિસ્તારના લોકો માટે આસ્થાનું મુખ્ય કેન્દ્ર બની રહેશે. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ભક્તો માટે પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ભવ્ય કાર્યક્રમ કોઈ પણ પ્રકારના વિઘ્ન વગર અત્યંત શાંતિપૂર્ણ રીતે અને શ્રદ્ધાપૂર્વક પૂર્ણ થયો હતો.

**રિપોર્ટ : હર્ષ ભરડા કેશોદ**



**કેશોદના આંબાવાડી વિસ્તારમાં હનુમાનજી મહારાજની ભવ્ય પ્રતિમાનું વિધિવત અનાવરણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે હનુમાન ચાલીસાના પાઠ અને મહાઆરતીનું સુંદર આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉમટી પડીને દર્શનનો લાભ લીધો હતો અને વાતાવરણ ભક્તિમય બન્યું હતું.**

# સાબરકાંઠા: વાટડા ગામમાં દીપડો દેખાતા પાંજરું મુકવા માંગ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર પંથકમાં વન્ય પ્રાણીઓના રહેણાંક વિસ્તારમાં પ્રવેશની ઘટનાઓ વધી રહી છે. તાજેતરમાં વાટડા ગામ નજીકના ડુંગર પર એક દીપડો જોવા મળતા ગ્રામજનોમાં ભયની લહેર દોડી ગઈ છે. દીપડાના મુક્ત હરફરનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા વન વિભાગ પણ સતર્ક બન્યું છે. ગામના ડુંગરાળ વિસ્તારમાં આ પ્રાણી વાઘ હોવાની અફવાઓ ઉઠી હતી, પરંતુ રાયગઢ વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર અનિરુદ્ધસિંહ સીસોદીયાએ ટેલિફોનિક વાતચીત દરમિયાન પુષ્ટિ કરી હતી કે તે ચોક્કસપણે દીપડો જ છે. દીપડાઓ અવારનવાર બકરીઓ અને કુતરાઓ જેવા પાલતુ પશુઓનો શિકાર કરતા હોય છે, તેથી ગ્રામજનોએ કોઈ અઘટિત ઘટના બને તે પહેલા જ દીપડાને પાંજરે પૂરવા માંગ કરી હતી. વન વિભાગના અધિકારીએ જણાવ્યું કે, લોકોની સુરક્ષા સર્વોપરી છે અને ટૂંક સમયમાં જ પાંજરું ગોઠવીને આ દીપડાને પકડી લેવામાં આવશે. ત્યાં સુધી ગ્રામજનોને રાત્રિના સમયે ડુંગરાળ વિસ્તારમાં ન જવા અને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. વન વિભાગના આ આશ્વાસન બાદ ગ્રામજનોએ થોડી રાહત અનુભવી છે, પરંતુ દીપડો પાંજરે ન પુરાય ત્યાં સુધી ભયનો ઓથાર યથાવત છે. **રિપોર્ટ : જનક જાદવ**





**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# શંકરસિંહ વાઘેલા રાજકોટમાં દેવા માફી આંદોલન સાથે મેદાનમાં ઉતર્યા

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં આજે કંઈક એવું બન્યું છે જેણે રાજકીય પંડિતોને વિચારતા કરી દીધા છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પોતાની રાજકીય તાકાત બતાવવા માટે રાજકોટની પસંદગી કરી છે. શહેરના ખૂણેખૂણે 'સબ કા હોગા કરઝા માફ'ના બેનરો લાગી ગયા છે, જે આગામી ૨૬ ફેબ્રુઆરીએ રેસકોર્સ ગ્રાઉન્ડમાં યોજાનારી મહાસભાની જાહેરાત કરે છે. શંકરસિંહ વાઘેલાનું આ પગલું સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા માસ્ટરસ્ટ્રોક માનવામાં આવી રહ્યું છે. ખેડૂતો લાંબા સમયથી દેવા માફીની માંગ કરી રહ્યા છે, ત્યારે વાઘેલાએ આ મુદ્દાને પકડીને સરકાર સામે બાંયો ચડાવી છે. આ સભામાં માત્ર ગુજરાત જ નહીં, પરંતુ દેશભરના મોટા ગજાના નેતાઓ હાજર રહે તેવી વિગતો મળી રહી છે. સૌરાષ્ટ્ર એ ગુજરાતના રાજકારણનું એપીસેન્ટર ગણાય છે, અને ત્યાંથી જ આ આંદોલનની શરૂઆત કરીને વાઘેલાએ સીધો પડકાર ફેંક્યો છે.

લોકોમાં આ આંદોલનને લઈને ભારે આતુરતા જોવા મળી રહી છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાંથી ખેડૂતો મોટી સંખ્યામાં જોડાશે તેવી તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. રાજકોટના રાજકારણમાં શંકરસિંહ વાઘેલાના આ પ્રવેશથી આગામી સમયમાં સત્તાધારી પક્ષ સામે વિરોધનું વંટોળ ઊભું થઈ શકે છે. ૨૬ ફેબ્રુઆરીએ યોજાનારી આ સભા ગુજરાતના ભાવિ રાજકારણની દિશા નક્કી કરશે તેવું અત્યારે તો લાગી રહ્યું છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાજકોટથી દેવા માફી આંદોલનનું રણશિંગું ફૂંક્યું છે. ૨૬ ફેબ્રુઆરીએ રેસકોર્સ ગ્રાઉન્ડમાં જાહેર સભા યોજાશે. શહેરભરમાં 'દરેકનું દેવું માફ થશે' તેવા પોસ્ટરો લાગતા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા રાજકારણમાં મોટી હલચલ જોવા મળી રહી છે.**

# બોગસ બિલિંગમાં SGSTના બે અધિકારીઓ સસ્પેન્ડ

**દૈનિક પલ્સ સમાચાર:** જામનગરમાં સ્ટેટ જીએસટી વિભાગના બે જવાબદાર અધિકારીઓએ પોતાની ફરજ સાથે ગદ્દારી કર્યાના ગંભીર આક્ષેપો બાદ સરકારે તેમને ઘરભેગા કર્યા છે. આસિસ્ટન્ટ કમિશનર એસ. કે. પટેલ અને એસટીઓ રાહુલ મોટાને સસ્પેન્ડ કરવાનો આદેશ જારી કરી ભ્રષ્ટાચારીઓ માટે કડક ચેતવણી આપવામાં આવી છે. રાજ્યમાં ચાલી રહેલા બોગસ બિલિંગ કૌભાંડના મૂળિયાં સરકારી કચેરીઓ સુધી કેટલા ઊંડા છે, તેનો આ કિસ્સો જીવંત પુરાવો છે.

આ અધિકારીઓએ પેઢીઓને નોટિસો ફટકારી હોવાનો દેખાવ કર્યો હતો, પરંતુ આંતરિક સાંઠગાંઠને કારણે આગળની તપાસ કે દંડની વસૂલાત પડતી મૂકી હતી. નાણાકીય ગેરરીતિ અને ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) પાસ કરાવવામાં આ અધિકારીઓની કથિત મદદગારી હોવાનું ઉચ્ચ સ્તરીય તપાસમાં બહાર આવ્યું છે. સ્ટેટ જીએસટી વિભાગના સર્ચ ઓપરેશન દરમિયાન જે પુરાવા મળ્યા તે આ અધિકારીઓના ભ્રષ્ટાચારની સાક્ષી પૂરે છે.

હાલમાં બંને અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી તેમના પર કડક નજર રાખવા હેડક્વાર્ટર ન છોડવાની મનાઈ કરવામાં આવી છે. એક ઉચ્ચ સ્તરીય સમિતિ હવે તેમના પાછલા તમામ વ્યવહારોની તપાસ કરશે. જનતાના ટેક્સના પૈસાની ચોરી કરનારાઓ સાથે હાથ મિલાવનારા આ અધિકારીઓ સામેની કાર્યવાહીથી વિભાગમાં અન્ય ભ્રષ્ટ તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.



# રાજકોટ DDOનો કડક આદેશ: પંચાયતમાં પતિરાજ ચાલશે તો તલાટી દંડાશે

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ જિલ્લામાં પંચાયતોના વહીવટમાં 'પતિદેવો' ની દખલગીરી રોકવા જિલ્લા વિકાસ અધિકારીએ આકરું વલણ અપનાવ્યું છે. મહિલા અનામત હેઠળ ચૂંટાયેલા પ્રતિનિધિઓના બદલે તેમના પતિઓ જ સત્તા ભોગવતા હોવાની વ્યાપક બૂમ ઉઠ્યા બાદ DDO એ કડક પરિપત્ર જાહેર કર્યો છે. આ પરિપત્રથી જિલ્લાના પંચાયત આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે. પરિપત્રના મુખ્ય ચાર મુદ્દાઓ પર નજર કરીએ તો, હવેથી પંચાયતની કોઈપણ સત્તાવાર બેઠકમાં મહિલા પ્રતિનિધિની હાજરી ફરજિયાત છે. તેમના બદલે કોઈ પણ વ્યક્તિને બેઠકમાં બેસવા દેવામાં આવશે નહીં. સરકારી દસ્તાવેજો, રજિસ્ટર કે બેંકના ચેક પર માત્ર મહિલા પ્રતિનિધિની સહી જ લેવાની રહેશે. જો કોઈ તલાટી મંત્રી મહિલાના બદલે અન્ય કોઈની સહી લેશે અથવા વહીવટમાં પતિની દખલગીરી ચલાવી લેશે, તો તેમની સામે ગુનો નોંધવાની ચેતવણી અપાઈ છે.

આ નિર્ણયનો ઉદ્દેશ્ય પંચાયતી રાજમાં મહિલા સશક્તિકરણના મૂળ ઉદ્દેશ્યને સાર્થક કરવાનો છે. મહિલાઓ માત્ર સિક્કા મારવા પૂરતી સીમિત ન રહે અને વહીવટી પ્રક્રિયામાં સક્રિય બને તે માટે તલાટીઓને જવાબદારી સોંપાઈ છે. આ 'પતિરાજ' સામેના હથોડાથી હવે ગ્રામીણ કક્ષાએ વહીવટી પારદર્શિતા વધશે અને ખરા અર્થમાં ચૂંટાયેલા મહિલા લોકપ્રતિનિધિઓ પોતાની ફરજ બજાવી શકશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીએ પંચાયતોમાં ચૂંટાયેલી મહિલાઓના બદલે તેમના પતિઓ દ્વારા કરાતા વહીવટ સામે લાલ આંખ કરી છે. DDOએ પરિપત્ર જારી કરી સ્પષ્ટ કર્યું છે કે જો પતિદેવો દખલગીરી કરશે, તો જવાબદાર તલાટી સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.**

# રાજકોટમાં મહા શિવરાત્રીનો થનગનાટ: શહેર કેસરિયા ધજાઓથી શોભ્યું

## મહા શિવરાત્રી પૂર્વે રાજકોટ શહેર કેસરિયા રંગે રંગાઈ ગયું

**દૈનિક પલ્સ સમાચાર:** મહા શિવરાત્રીના આગમન પૂર્વે જ રાજકોટ શહેર શિવભક્તિમાં તરબોળ થયું છે. શહેરના અગ્રણી માર્ગો અને ચોક વિસ્તારોમાં કેસરિયા ધજાઓ પતાકાઓ લગાડવામાં આવી છે, જે શ્રદ્ધાળુઓમાં નવી ઉર્જાનો સંચાર કરી રહી છે. આ કેસરિયા માહોલને કારણે રાજકોટ એક અલગ જ દિવ્ય રૂપમાં જોવા મળી રહ્યું છે. શહેરના પ્રાચીન અને અર્વાચીન શિવાલયોમાં મહા શિવરાત્રીના દિવસે વિશેષ પૂજા, હોમ-હવન અને લઘુરુદ્ર જેવા આયોજનો માટે તૈયારીઓ ચાલી રહી છે. મંદિરોમાં રોશની અને ફૂલોનો શણગાર કરવામાં આવી રહ્યો છે. શ્રદ્ધાળુઓની ભીડને ધ્યાને રાખીને વ્યવસ્થાપકો દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે. સામાજિક અને ધાર્મિક મંડળો દ્વારા ઠેર-ઠેર શિવજીની શોભાયાત્રા અને સત્સંગના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.
રાજકોટના યુવાનો અને વિવિધ સ્વયંસેવી સંસ્થાઓ આ ઉત્સવને વધુ ભવ્ય બનાવવા માટે સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. શિવરાત્રીની રાત્રે જાગરણ અને ભજન સંધ્યા જેવા કાર્યક્રમો દ્વારા ભગવાન શિવની આરાધના કરવામાં આવશે. સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે ફરાળ વિતરણ અને ઠંડા પીણાની વ્યવસ્થા માટે પણ ગ્રુપ બનાવવામાં આવ્યા છે. આમ, રાજકોટમાં આ વખતે મહા શિવરાત્રીનો પર્વ માત્ર ધાર્મિક વિધિ પૂરતો મર્યાદિત ન રહીને લોકઉત્સવ બની રહ્યો છે.
**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટમાં મહા શિવરાત્રીના પર્વને લઈ ભક્તિમય માહોલ જામ્યો છે. શહેરના મુખ્ય માર્ગો અને સર્કલો કેસરિયા ધજાઓથી સજ્જ કરવામાં આવ્યા છે. શિવાલયોમાં શણગાર અને ભજન-કિર્તનના વિશેષ આયોજન સાથે શિવભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.**

# હીરાસર એરપોર્ટમાં ગાયો ઘૂસી: સુરક્ષા વ્યવસ્થા પર સવાલો

**દૈનિક પલ્સ સમાચાર:** કરોડોના ખર્ચે બનેલું રાજકોટનું હીરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટ હવે ગાયોનું ચરિયાણ બની ગયું હોય તેવું લાગે છે. તાજેતરમાં એરપોર્ટના ઓપન એરિયામાં ગાયો ફરતી હોવાનો વીડિયો વાયરલ થતા એરપોર્ટની સુરક્ષા વ્યવસ્થા પર માછલાં ધોવાઈ રહ્યાં છે. એન્ટ્રી ગેટ અને પેરિમીટર ફેન્સિંગ હોવા છતાં પશુઓ અંદર કેવી રીતે પહોંચ્યા તે એક ગંભીર તપાસનો વિષય છે. તંત્રની આ લાપરવાહી માત્ર સુરક્ષાની ચૂક નથી, પરંતુ વિમાનોના ટેક-ઓફ અને લેન્ડિંગ સમયે મોટી દુર્ઘટના સર્જી શકે તેવું જોખમ છે. અગાઉ પણ પશુ-પક્ષીઓના કારણે વિમાની સેવાઓમાં વિક્ષેપ પડ્યો હોવા છતાં હીરાસર એરપોર્ટ ઓથોરિટીએ કોઈ પાઠ શીખ્યો હોય તેમ લાગતું નથી. જ્યારે હજારો મુસાફરોની સુરક્ષા દાવ પર હોય ત્યારે આવી 'ચલશે' વાળી નીતિ અત્યંત નિંદનીય છે. સોશિયલ મીડિયામાં પણ લોકો એરપોર્ટની સુરક્ષાની મજાક ઉડાવી રહ્યા છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે એરપોર્ટની છબી ખરડી રહ્યું છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




# કેશોદ પૂર્વ વિંસ્તારમાં અદ્યતન સ્મશાનગૃહનુ ધારાસભ્યના હસ્તે લોકાર્પણ

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદ પૂર્વ પંથકના રહીશોની વર્ષો જૂની માંગણી અને સમસ્યાનો સુખદ અંત આવ્યો છે. શહેરના પૂર્વ વિસ્તારમાં અંતિમ સંસ્કાર માટે યોગ્ય સુવિધાઓ ન હોવાને કારણે નાગરિકોને ભારે અગવડતા પડતી હતી. આ પ્રશ્નને ધ્યાને રાખી કેશોદ નગરપાલિકાએ પૂર્વ વિસ્તારમાં અદ્યતન સ્મશાનગૃહનું નિર્માણ પૂર્ણ કર્યું છે, જેનું આજે વિધિવત લોકાર્પણ યોજાયું હતું.
આ લોકાર્પણ કાર્યક્રમ ધારાસભ્ય દેવાભાઈ માલમ અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈના હસ્તે સંપન્ન થયો હતો. કાર્યક્રમમાં ચિરાગભાઈ ભોપાળા, ગૌરાંગભાઈ વ્યાસ તેમજ નગરપાલિકાના વિવિધ વિભાગના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવા સ્મશાનગૃહમાં અંતિમ ક્રિયા માટે જરૂરી તમામ આધુનિક સુવિધાઓ અને બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.
ધારાસભ્યએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, જનતાની પાયાની જરૂરિયાતો પૂરી કરવી એ સરકારની પ્રાથમિકતા છે.
નગરપાલિકાના આ સકારાત્મક પ્રયાસને પગલે પૂર્વ વિસ્તારના લોકોને હવે મૃતદેહના અંતિમ સંસ્કાર માટે લાંબે સુધી જવાની જરૂર નહીં રહે. સમાજના આગેવાનોએ પણ આ સુવિધાને આવકારી છે અને પાલિકાની કામગીરીને બિરદાવી છે. આ નવું સ્મશાનગૃહ માત્ર એક ઇમારત નથી, પરંતુ મુશ્કેલીના સમયે નાગરિકોને મળનારી એક મોટી સહાય છે.
**રિપોર્ટ : હર્ષ ભરડા**




# સ્વચ્છ સર્વેક્ષણ 2026 માટે રાજકોટ મનપા સજ્જ

**દૈનિક પલ્સ સમાચાર:** સ્વચ્છ સર્વેક્ષણ 2026માં રાજકોટને શ્રેષ્ઠ ક્રમાંક અપાવવા માટે મહાનગરપાલિકાએ કમર કસી છે. મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠકમાં શહેરને આરોગ્યપ્રદ બનાવવા માટે પરિણામલક્ષી આયોજન પર ભાર મૂક્યો હતો. બેઠક દરમિયાન કમિશનરે જણાવ્યું કે, સ્વચ્છતા એ માત્ર એક વિભાગની નહીં પરંતુ સમગ્ર ટીમની સંયુક્ત જવાબદારી છે.
આયોજન મુજબ, દરેક વિભાગે સફાઈ, કચરા સંકલન, ડોર-ટુ-ડોર કલેક્શન અને જાહેર શૌચાલયોની જાળવણી માટે ચોક્કસ પ્લાન તૈયાર કરવાનો રહેશે. વોર્ડ સ્તરે કામગીરી સુદ્રઢ બનાવવા માટે વોર્ડ ઓફિસર્સને સ્ટાફની હાજરી અને સાધનોના ઉપયોગ માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. નાગરિકોની ફરિયાદોનું તાત્કાલિક નિવારણ થાય તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવશે. રાજકોટને ગંદકીમુક્ત બનાવવા માટે કમિશનર દ્વારા આગામી સમયમાં ફીલ્ડ વિઝિટ અને સરપ્રાઇઝ ચેકિંગ પણ કરવામાં આવશે, જેથી શહેરની વાસ્તવિક સફાઈ સ્થિતિમાં સુધારો લાવી શકાય. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**









# ખડીયામાં રોડ કામમાં ભયંકર ગેરરીતિ અને સરકારી મિલકતની ચોરી

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢ જિલ્લામાં વિકાસના નામે ચાલી રહેલા ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. જૂનાગઢ તાલુકાના ખડીયા ગામથી જવાહર નવોદય વિદ્યાલય સુધી બની રહેલા ડામર રોડના કામમાં જે પ્રકારે નિયમોનો ઉલાળીયો કરવામાં આવ્યો છે, તે જોઈને સામાન્ય નાગરિક પણ સ્તબ્ધ છે. આ કામના કોન્ટ્રાક્ટ ધરાવતી 'મધુરમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર' એજન્સી દ્વારા લોકશાહી અને સરકારી ધારાધોરણોની ઠેકડી ઉડાડવામાં આવી રહી છે. સામાજિક કાર્યકર અને આગેવાન નરેશભાઈ ભીખુભાઈ ગરેણીયાએ આ મામલે ઓનલાઇન ફરિયાદ દાખલ કરી છે, જેમાં તેમણે સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે રોડની ગુણવત્તા અત્યંત નબળી છે અને સરકારી ગ્રાન્ટના નાણાંનો ખુલ્લેઆમ દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. તેનાથી પણ વધુ ગંભીર મુદ્દો એ છે કે, કોન્ટ્રાક્ટર દ્વારા પંચાયતની માલિકીની જમીનમાંથી કોઈપણ જાતની લીગલ મંજૂરી વગર બેફામ ખોદકામ કરીને માટી ચોરી કરવામાં આવી રહી છે. આ સીધો સરકારી મિલકતની ચોરીનો ગુનો બને છે.
આટલી બધી ગંભીર ગેરરીતિઓ છતાં વહીવટી તંત્ર દ્વારા એજન્સી સામે કોઈ પણ પગલાં લેવાયા નથી. શું તંત્રના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર વચ્ચે કોઈ છૂપો કરાર થયો છે? કે પછી અધિકારીઓ પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી રહ્યા છે? રોડના કામમાં થતો આ ભ્રષ્ટાચાર ભવિષ્યમાં વાહનચાલકો માટે જીવલેણ અકસ્માતોનું કારણ બની શકે છે. નરેશભાઈ ગરેણીયાએ ઉગ્ર ચીમકી ઉચ્ચારી છે કે જો તાત્કાલિક અસરથી આ કામની ટેકનિકલ તપાસ કરવામાં નહીં આવે અને જવાબદાર એજન્સી સામે કાયદેસરના પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલનાત્મક માર્ગ અપનાવવામાં આવશે. જનતાના નાણાંથી થતા વિકાસમાં જો આવો વ્યાપક ભ્રષ્ટાચાર થતો હોય, તો ડિજિટલ ઇન્ડિયા અને પારદર્શક વહીવટના દાવાઓ પોકળ સાબિત થાય છે. હવે જોવાનું એ રહે છે કે, શું જૂનાગઢ જિલ્લા કલેક્ટર કે પંચાયતના ઉચ્ચ અધિકારીઓ આ અહેવાલની ગંભીરતા સમજીને તપાસના આદેશ આપે છે કે કેમ.





## હિંમતનગર: બજેટ 2026 મહિલાઓ અને ઉદ્યોગો માટે આશાસ્પદ

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા કેન્દ્રીય બજેટ 2026-27ના અનુસંધાને એક વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં જિલ્લાના રાજકીય અગ્રણીઓ અને આર્થિક ક્ષેત્રના તજજ્ઞોએ બજેટના પાયાના મુદ્દાઓ પર ગહન ચર્ચા કરી હતી. મુખ્ય વક્તાઓએ જણાવ્યું હતું કે 1 ફેબ્રુઆરી, રવિવારના રોજ રજૂ થયેલું આ બજેટ ભારતના ઇતિહાસમાં અનેક રીતે નોંધપાત્ર છે.
સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ અને સી.એ. ડો. અરવિંદભાઈ દોશીએ પત્રકારોને સંબોધતા કહ્યું કે, આ બજેટ ભલે તાત્કાલિક લોકપ્રિય ન જણાય, પરંતુ તે વર્ષ 2047 સુધીના વિકસિત ભારતના નિર્માણનો માર્ગ મોકળો કરે છે. બજેટમાં ખાસ કરીને મહિલાઓ, લઘુ ઉદ્યોગો અને ખેડૂતો માટે પૂરતા નાણાંની ફાળવણી કરવામાં આવી છે. દરેક જિલ્લામાં મહિલા હોસ્ટેલ બનાવવાની જાહેરાતથી અન્ય શહેરોમાં અભ્યાસ કે નોકરી અર્થે જતી દીકરીઓને સુરક્ષિત નિવાસસ્થાન મળશે, જે સ્ત્રી સશક્તિકરણની દિશામાં મોટું કદમ છે.
ઉદ્યોગ અગ્રણી પ્રફુલ કાથાવાલાએ કોરીડોર યોજના પર ભાર મૂકતા કહ્યું કે, ગુજરાતને અન્ય રાજ્યો સાથે જોડતા નવા કોરીડોરથી માલ-સામાનની હેરફેર ઝડપી અને સસ્તી બનશે. આ સુવિધા ઉત્તર ગુજરાતના નાના-મોટા ઉદ્યોગો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. વહીવટી તંત્ર અને સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયોની અસર લાંબાગાળે જોવા મળશે. હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલા, મહામંત્રી બિપીન ઓઝા અને ગણપતસિંહ ઝાલાએ પણ બજેટમાં રહેલી જનહિતની જોગવાઈઓ વિશે માહિતી આપી હતી. અંતમાં, વક્તાઓએ અનુરોધ કર્યો હતો કે દેશની પ્રગતિ અને આ આર્થિક માળખાના પરિણામો જોવા માટે નાગરિકોએ ધીરજ અને વિશ્વાસ રાખવો જરૂરી છે, કારણ કે આ વર્ષ 2047નો સર્વાંગી રોડમેપ છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**




# મીઠાવી ચારણ: પાણીની લાઈન ફાટતા જીરાના પાકને વ્યાપક નુકસાન

**દૈનિક પલ્સ સમાચાર:** 'જગતનો તાત' આજે ફરી એકવાર સરકારી લાલિયાવાડીનો શિકાર બન્યો છે. વાવ-થરાદ જિલ્લાના ધરણીધર તાલુકાના મીઠાવી ચારણ ગામમાં વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. ગામની શાળાને પાણી સપ્લાય કરતી પાઇપલાઇન અચાનક ફાટી જતા તેનું પાણી નદીની જેમ વહેવા માંડ્યું હતું અને આસપાસના ખેતરોમાં ઘૂસી ગયું હતું. આ અણધારી ઘટનાને કારણે સ્થાનિક ખેડૂત ઠાકોર મસરુ ભાઈ ધરમા ભાઈના ખેતરમાં પાણી ભરાઈ જવાથી જીરાના ઊભા પાકને વ્યાપક નુકસાન થયું છે. જીરા જેવા મોંઘા પાક માટે રાત-દિવસ મહેનત કરનાર ખેડૂતના અરમાનો પર પાણી ફરી વળ્યું છે. પાઇપલાઇન ભંગાણને કારણે થયેલું આ નુકસાન કુદરતી નથી પણ તંત્રની નિષ્ક્રિયતાનું પરિણામ છે. મીઠાવી ચારણ ગામમાં અનેક જગ્યાએ પાઇપલાઇનો જર્જરિત હોવાની રજૂઆતો અગાઉ પણ થઈ હતી, પરંતુ તંત્ર જાગ્યું નહોતું.
આજે જ્યારે ખેડૂતનો લાખોનો પાક બરબાદ થયો છે ત્યારે હવે તંત્ર જાગશે ખરું? ગરીબ ખેડૂતની આર્થિક કમર તૂટી ગઈ છે અને તેમને હવે સરકારી સહાયની આશા છે. શું તંત્ર આ નુકસાનનો સર્વે કરી ખેડૂતને ન્યાય આપશે કે પછી દર વખતની જેમ ફાઇલો દબાવી દેશે? અધિકારીઓની આ ઉદાસીનતા સામે પંથકમાં રોષની લાગણી જન્મી છે.
**રીપોર્ટ : વશાભાઈ વાલડીયા**



**મીઠાવી ચારણ ગામે શાળાની જર્જરિત પાઇપલાઇન ફાટતા ખેતરોમાં પાણી ફરી વળ્યા છે. તંત્રની આ ઘોર બેદરકારીને કારણે ખેડૂત મસરુ ભાઈ ઠાકોરનો જીરાનો કિંમતી પાક નાશ પામ્યો છે. ખેડૂતોમાં વહીવટી તંત્ર પ્રત્યે ભારે રોષ છે.**

# થરાદ-સાંચોર હાઈવે પર ભયાનક અકસ્માત: પીલુડાના બે યુવકોના મોત

## થરાદ સાંચોર હાઈવે પર કારની ટક્કરે બે યુવકોના મોત

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના થરાદ-સાંચોર હાઈવે પર મોડી રાત્રે એક કાળજું કંપાવનારી અકસ્માતની ઘટના બની છે. જાણદી ગામની સીમમાં બાઇક અને કાર વચ્ચે થયેલી ભયાનક ટક્કરમાં બે યુવકોના કરુણ મોત નીપજ્યા છે. મૃતક યુવકોની ઓળખ ભાણજીભાઈ પટેલ અને નાગજીભાઈ વજીર તરીકે થઈ છે, જેઓ થરાદ તાલુકાના પીલુડા ગામના રહીશ હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, આ યુવકો બાઇક પર સવાર થઈને કોઈ માતાજીના પ્રસંગમાં જઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી આવી રહેલી એક નંબર પ્લેટ વગરની બ્રેઝા કારના ચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવી બાઇકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઇક સવાર બંને યુવકો રોડ પર પટકાયા હતા અને ગંભીર ઈજાઓને કારણે ત્યાં જ પ્રાણ ગુમાવ્યા હતા. બાઇક ચલાવી રહેલા ત્રીજા યુવકને ઇજાઓ પહોંચતા તેને સ્થાનિકોની મદદથી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યો હતો. અકસ્માત સર્જી કાર ચાલક ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતા થરાદ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને વાહનોને ખસેડી ટ્રાફિક હળવો કર્યો હતો. માતાજીના પ્રસંગે જઈ રહેલા યુવકો કાળનો કોળિયો બનતા પીલુડા ગામમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

**રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**



**થરાદ-સાંચોર હાઈવે પર જાણદી નજીક મોડી રાત્રે બાઇક અને બ્રેઝા કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં પીલુડા ગામના બે યુવકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય એક ઘાયલને હોસ્પિટલ ખસેડાયો છે. પોલીસે તપાસ હાથ ધરી છે.**

# વાવ-થરાદ હાઈવે પર આખલો આડો આવતા મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વાવ-થરાદ હાઈવે પર ગત રાત્રે બનેલી એક દુર્ઘટનામાં ૩૦ વર્ષીય યુવકનું અકાળે અવસાન થયું છે. આ અકસ્માત માટે રખડતા પશુઓ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. મૃતક યુવક કૈલાશભાઈ પરમાર ખીમાણાવાસના રહીશ હતા અને તેઓ થરાદથી પરત વાવ તરફ જઈ રહ્યા હતા. રાત્રિના સમયે હાઈવે પર કેશર કૃપા હોટલ પાસે અચાનક જ એક આખલો બાઈક સામે દોડી આવ્યો હતો. પશુને બચાવવાના પ્રયાસમાં કૈલાશભાઈએ બાઈકને બ્રેક મારી હતી, જેના કારણે વાહન સ્લીપ ખાઈ ગયું હતું. રોડ પર પટકાતા તેમને મોઢા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનચાલકોએ અકસ્માત જોઈ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્ત યુવકને વાવની સરકારી હોસ્પિટલ પહોંચાડ્યો હતો.

કમનસીબે, કૈલાશભાઈની સ્થિતિ ગંભીર હોવાથી સારવાર દરમિયાન જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ સમાચાર વાયુવેગે ગામમાં પહોંચતા ખીમાણાવાસમાં ગમગીની છવાઈ ગઈ છે. રખડતા ઢોરને કારણે વારંવાર સર્જાતા અકસ્માતો હવે જનતા માટે જીવનું જોખમ બની ગયા છે. રાત્રિના સમયે પશુઓ હાઈવે પર બેસી રહેતા હોવાથી વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડે છે, જેનું પરિણામ આજે એક યુવાનના મોત તરીકે સામે આવ્યું છે.



# કપડવંજના ઘડિયામાં શ્રી ચેહર માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** કપડવંજ તાલુકાના ઘડિયા ગામમાં આજે આસ્થાનો સંગમ જોવા મળ્યો હતો. અહીં નગીનભાઈ ભુવાજીના આંગણે બિરાજમાન શ્રી ઓરતાની ચેહર માતાજીના મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ મંગલમય દિવસ નિમિત્તે હવનનું વિશેષ આયોજન કરાયું હતું, જેમાં ભુવાજી પરિવાર અને ગ્રામજનો દ્વારા માતાજીની આરાધના કરવામાં આવી હતી. મહોત્સવમાં મહેમાન તરીકે પધારેલા વડલા વાળી ચેહર ધામ - લાખાના મુવાડાના ભુવાજી રઘુનાથભાઈ દેસાઈ અને ગોગા મહારાજની ગાદીના ભુવાજી હિરાભાઈ દેસાઈનું ઘડિયા ગામના પાદરે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઢોલ અને શરણાઈના સૂર સાથે નીકળેલા સામૈયામાં ગ્રામજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ ઉપરાંત, સ્થાનિક સિકોતર ધામના ભુવાજી રામાભાઈ પરમાર, બુધાભાઈ પરમાર અને ખોડાભાઈ ભુવાજીએ પણ હાજરી આપી પ્રસંગની શોભા વધારી હતી. પ્રાણ પ્રતિષ્ઠા અને હવનના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ઉપસ્થિત તમામ ભુવાજીઓએ ગામના કલ્યાણ માટે આશીર્વચન પાઠવ્યા હતા. ગામના યુવાનો અને વડીલોના સાથ-સહકારથી આ સમગ્ર ધાર્મિક મહોત્સવનું સંચાલન ખૂબ જ શિસ્તબદ્ધ રીતે થયું હતું. માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા થતા ઘડિયા ગામમાં ભક્તિમય ઉર્જાનો સંચાર થયો છે અને શ્રદ્ધાળુઓમાં આનંદની હેલી જોવા મળી છે.



**કપડવંજ તાલુકાના ઘડિયા ગામે નગીનભાઈ ભુવાજીના નિવાસ્થાને શ્રી ઓરતાની ચેહર માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને હવન ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ ધામના ભુવાજીઓનું સામૈયું કરવામાં આવ્યું હતું અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો. રિપોર્ટ : દિપક પરમાર**






# અંસાર નગરમાં પાન સેન્ટરના દબાણથી કચરાની ગાડી અટકી

**દૈનિક પલ્સ સમાચાર:** સ્માર્ટ સિટી અમદાવાદના અંસાર નગરમાં સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડી રહ્યા છે. આ વિસ્તારમાં આવેલ મસ્તાન પાન સેન્ટર સ્થાનિક જનતા માટે મુસીબતનું કેન્દ્ર બન્યું છે. આ પાન સેન્ટર દ્વારા કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણને લીધે રસ્તો એટલો સાંકડો થઈ ગયો છે કે ડોર-ટુ-ડોર કચરો ઉઘરાવતી ગાડી અંદરના ભાગે પહોંચી શકતી નથી.

ગાડી આગળ ન જઈ શકવાને કારણે રહીશો કચરો ખુલ્લામાં નાખવા મજબૂર બન્યા છે, જેનાથી આખું અંસાર નગર કચરાપેટીમાં ફેરવાઈ ગયું છે. આ ગંદકીને કારણે મચ્છરોનો ત્રાસ અને ભયાનક દુર્ગંધ ફેલાઈ રહી છે, જેનાથી નાના બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય પર જોખમ ઊભું થયું છે. આટલી ગંભીર સમસ્યા હોવા છતાં તંત્ર દ્વારા આ પાન સેન્ટર વિરુદ્ધ કોઈ કડક પગલાં લેવામાં આવતા નથી, જે ભ્રષ્ટાચારની ગંધ આપે છે. આમ જનતા પાયાની સુવિધાઓ માટે વલખાં મારી રહી છે અને વેપારીઓ બેફામ બની રસ્તા રોકી રહ્યા છે. જો વહેલી તકે આ દબાણ હટાવી રસ્તો ખુલ્લો કરવામાં નહીં આવે, તો સ્થાનિકો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**




**અમદાવાદના અંસાર નગરમાં મસ્તાન પાન સેન્ટર દ્વારા કરાયેલા દબાણને કારણે કચરાની ગાડી અંદર જઈ શકતી નથી. પરિણામે વિસ્તારમાં કચરાના ગંજ ખડકાયા છે, જેનાથી સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.**

# રીઢા ડ્રગ્સ પેડલરો વિરુદ્ધ PIT NDPS હેઠળ કાર્યવાહી

**દૈનિક પલ્સ સમાચાર:** નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી અટકાવવા માટે સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) એ કડક અભિગમ અપનાવ્યો છે. તાજેતરમાં બે રીઢા ગુનેગારો વિરુદ્ધ 'PIT NDPS' હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં રાજકોટના વૈભવભાઈ ઉર્ફે બાપુ અને અંકલેશ્વરના મહંમદઉવેસ ઉર્ફે ગજનીનો સમાવેશ થાય છે. આ બંને આરોપીઓ અગાઉ માદક પદાર્થોના ગુનામાં પકડાઈ ચૂક્યા છે, પરંતુ જામીન પર મુક્ત થયા પછી પણ તેમણે પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલુ રાખી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. આ બાબતે IPS અધિકારીઓ કે.એલ.એન. રાવ અને નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ તેમને અટકાયતમાં લેવા માટે કાયદેસરની દરખાસ્ત કરવામાં આવી હતી. 6 ફેબ્રુઆરીએ હુકમ મળતાની સાથે જ, વૈભવ નિમ્બાર્કને સુરતની લાજપોર જેલ અને મહંમદઉવેસને પોરબંદરની જેલ ખાતે અટકાયતમાં રાખવા માટે આજે રવાના કરવામાં આવ્યા છે. આ કડક પગલાથી ડ્રગ્સ પેડલરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



# વડોદરા: એલેમ્બિક સિટીનો રસ્તો ખુલ્લો કરાયો, ટ્રાફિકમાં મળશે રાહત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના વ્યસ્ત ગણાતા ગેંડા સર્કલ અને ગોરવા વિસ્તારના ટ્રાફિકને હળવો કરવા માટે એક મહત્વનો વહીવટી નિર્ણય લેવામાં આવ્યો છે. એલેમ્બિક સિટીના કેમ્પસમાંથી પસાર થતો 18 મીટરનો રસ્તો જે વર્ષોથી સામાન્ય જનતા માટે બંધ જેવો હતો, તેને હવે સંપૂર્ણપણે ખુલ્લો કરી દેવામાં આવ્યો છે. આ સફળતા વડોદરા મહાનગર પાલિકાની સંકલન બેઠકમાં થયેલી ધારાસભ્યની રજૂઆત બાદ મળી છે.

સયાજીગંજના ધારાસભ્ય કેયુર રોકડિયાએ મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુનું ધ્યાન દોર્યું હતું કે, ગોરવા ઇન ઓર્બિટ મોલની સામેથી નીકળતો આ 18 મીટરનો રસ્તો જૂના નાડિયા રસ્તા તરીકે ઓળખાય છે. એલેમ્બિક કંપનીએ બાંધકામ માટે FSI (ફ્લોર સ્પેસ ઇન્ડેક્સ) નો પૂરેપૂરો ઉપયોગ કર્યો હોવાથી, કાયદાકીય રીતે આ રસ્તો મહાનગર પાલિકા હસ્તક હોવો જોઈએ. તેમ છતાં, ત્યાં ગેટ લગાવી દેવામાં આવ્યો હતો અને ખાનગી સિક્યોરિટી ગાર્ડ સામાન્ય નાગરિકોને અંદર પ્રવેશવા દેતા ન હતા, જેના લીધે આ રસ્તો માત્ર એલેમ્બિક સિટીના રહીશો પૂરતો મર્યાદિત બની ગયો હતો. કમિશનરે આ મામલે બાંધકામ પરવાનગી વિભાગ પાસે તપાસ કરાવતા ધારાસભ્યની રજૂઆત સાચી સાબિત થઈ હતી. પરિણામે, કડક સૂચના આપીને એલેમ્બિક સિટીમાંથી તમામ બેરીકેડ અને ગેટ હટાવી લેવામાં આવ્યા છે. આ રસ્તો હવે જાહેર માર્ગ તરીકે કાર્યરત થયો છે. આ ફેરફારને કારણે હવે જે વાહનચાલકોએ ગોરવા બાજુથી પંડ્યા બ્રિજ કે ફતેગંજ જવું હોય, તેમણે ગેંડા સર્કલના ટ્રાફિક જામમાં ફસાવવાની જરૂર નહીં રહે. તેઓ એલેમ્બિક સિટીના આ માર્ગનો ઉપયોગ કરીને સીધા પંડ્યા બ્રિજ પર નીકળી શકશે. શહેરના વિકાસમાં બાધા રૂપ બનતા આવા દબાણો દૂર થવાથી નાગરિકોમાં હર્ષની લાગણી છે. ધારાસભ્ય કેયુર રોકડિયાના આ પ્રયાસથી શહેરના પશ્ચિમ વિસ્તારની ટ્રાફિક વ્યવસ્થામાં મોટો સુધારો જોવા મળશે. **રિપોર્ટ : તેજસ જોશી**

**વડોદરાના ગોરવા રોડ પર એલેમ્બિક સિટીમાંથી પસાર થતો 18 મીટરનો રસ્તો વાહનચાલકો માટે ખુલ્લો મૂકાયો છે. ધારાસભ્ય કેયુર રોકડિયાની રજૂઆત બાદ કમિશનરે તપાસ કરાવી ગેટ અને બેરીકેડ દૂર કરાવ્યા છે, જેથી હવે લોકો ટ્રાફિક વગર સીધા પંડ્યા બ્રિજ પહોંચી શકશે.**

# વડોદરા: પોલીસ અધિકારીઓની મુલાકાત અને વહીવટી સુધારાની સમીક્ષા

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા વહીવટી પારદર્શિતા વધારવા માટે લેવામાં આવેલા મહત્વના નિર્ણયના ભાગરૂપે રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓ વડોદરાની મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાતનો મુખ્ય આશય રાજ્યમાં પોલીસ વહીવટને વધુ જવાબદાર અને કાર્યક્ષમ બનાવવાનો છે. તાજેતરમાં બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ, રાજ્યના ઉચ્ચ અધિકારીઓએ હવે ફરજિયાતપણે વિવિધ જિલ્લાઓના પોલીસ વિભાગની મુલાકાત લઈને ત્યાંની કામગીરીની સમીક્ષા કરવાની રહેશે.

વડોદરાની મુલાકાત દરમિયાન આઈ.જી. અને ડી.આઈ.જી. કક્ષાના અધિકારીઓએ વિવિધ પાસાઓની તપાસ કરી હતી. આ પ્રક્રિયામાં ખાસ કરીને નાગરિકોની ફરિયાદો અને રજૂઆતોનો કેવી રીતે અને કેટલા સમયમાં નિકાલ થાય છે તેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ મુલાકાત દરમિયાન અનેક અરજદારો સાથે સીધો સંપર્ક સાધ્યો હતો અને તેમની સમસ્યાઓ જાણીને યોગ્ય ઉકેલ લાવવા સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત, પોલીસ સ્ટેશનોમાં તાલીમ લઈ રહેલા કર્મચારીઓની કામગીરી અને ત્યાંની વહીવટી ખામીઓને તપાસવામાં આવી હતી, જેથી ભવિષ્યમાં કામગીરીમાં કોઈ વિલંબ ન થાય.

આ મુલાકાત વેળાએ વડોદરાના પોલીસ કમિશનર, ડી.એસ.પી. અને સી.પી. સહિતના અન્ય જિલ્લા અને વિભાગીય અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. ઉચ્ચ અધિકારીઓની આ સીધી દેખરેખથી વહીવટી પ્રક્રિયામાં રહેલી ક્ષતિઓ દૂર થશે અને સામાન્ય નાગરિકોને પોલીસ તંત્ર પાસેથી વધુ ઝડપી અને ન્યાયી સેવા મળી શકશે. ગૃહ વિભાગની આ પહેલથી વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં પોલીસિંગ સિસ્ટમમાં સુધારો થશે અને લોકોની રજૂઆતોનો સમયસર નિકાલ થશે. રિપોર્ટર તેજસ જોષીના અહેવાલ મુજબ, આ નિર્ણયથી પોલીસ અને પ્રજા વચ્ચેનો સંપર્ક વધુ મજબૂત બનશે અને વહીવટી પારદર્શિતાના નવા યુગની શરૂઆત થશે.

**ગુજરાત રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ વડોદરાની મુલાકાત લીધી હતી. ગૃહ વિભાગના નવા પરિપત્ર મુજબ, વહીવટી પારદર્શિતા વધારવા અને નાગરિકોની ફરિયાદોના સમયસર નિકાલ માટે અધિકારીઓ હવે વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કરશે અને જરૂરી માર્ગદર્શન આપશે. રિપોર્ટ : તેજસ જોશી**

# રાજકોટ મનપાનું બજેટ આંકડાની માયાજાળ, જનતા પર વેરાનો બોજ

## RMC બજેટ 2026-27: વિપક્ષે બજેટને આંકડાની માયાજાળ ગણાવી



**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વર્ષ 2026-27નું બજેટ માત્ર આંકડાની માયાજાળ છે અને તે જનતાની અપેક્ષાઓ પર ખરું ઉતરવામાં નિષ્ફળ નીવડ્યું છે. શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અતુલ રાજાણી, વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠિયા અને પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલાએ આ બજેટને વાસ્તવિકતાથી દૂર અને જનતા માટે દમનકારી ગણાવ્યું છે. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો છે કે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ભાજપ શાસકોની મરજી મુજબ જે કરવેરાનો બોજ સૂચવવામાં આવ્યો છે, તે રાજકોટની જનતા સાથે મોટો દ્રોહ છે.

નેતાઓએ વિગતો આપતા જણાવ્યું કે, ગત વર્ષે બજેટમાં જાહેર કરાયેલા કામોમાંથી 70 થી 80 ટકા કામો હજુ પણ અધૂરા છે. શહેરમાં રોડ-રસ્તાઓની હાલત અત્યંત ખરાબ છે અને રિકાર્પેટ થયેલા રોડ બીજા જ દિવસે ખોદવામાં આવે છે, જે તંત્રની અણઘડ નીતિ અને ભ્રષ્ટાચાર સાબિત કરે છે. શહેરમાં મસમોટા ખર્ચે ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની કામગીરી ચાલતી હોવા છતાં શહેર કચરામુક્ત થઈ શક્યું નથી. આજીની ગાંડી વેલને કારણે છેવાડાના વિસ્તારો મચ્છરોના ઉપદ્રવથી ત્રાહિમામ છે, પરંતુ બજેટમાં તેના કાયમી ઉકેલની કોઈ જોગવાઈ નથી.

સૌથી ગંભીર બાબત એ છે કે, પાંચ વર્ષ પહેલાં મનપામાં ભળેલા મોટામૌવા, માધાપર, ઘંટેશ્વર અને મુંજકા જેવા વિસ્તારોને હજુ પણ ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ અને રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ મળી નથી. સુવિધા આપવાને બદલે ભાજપ સરકાર માત્ર મસમોટો ટેક્સ વસૂલવામાં જ રસ ધરાવે છે. ભાજપના શાસનમાં ઓનલાઈન સેવાઓ સતત ખોરવાયેલી રહે છે અને રાજપથ લિ.ની સિટી બસ સેવાઓ પણ કંગાળ બની ગઈ છે. કોંગ્રેસે માંગ કરી છે કે પ્રજાના પરસેવાની કમાણીનો ઉપયોગ ઉત્સવો અને તાયફાઓમાં કરવાને બદલે પાયાની સુવિધાઓ માટે કરવો જોઈએ. વિકાસ માટે ટેક્સ વધારવાને બદલે રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસેથી પડતર ગ્રાન્ટ લાવવી જોઈએ. વિપક્ષે ચેતવણી આપી છે કે જો ભાજપ શાસકો આ ટેક્સ વધારો સ્વીકારશે, તો કોંગ્રેસ તેને સાંખી લેશે નહીં. પ્રજાની વચ્ચે જઈને ભાજપ વિરુદ્ધ ઉગ્ર લોકજુવાળ ઊભો કરવામાં આવશે અને તેની ગંભીર અસરો ભોગવવા ભાજપ શાસકોએ તૈયાર રહેવું પડશે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**રાજકોટ મનપાના વર્ષ 2026-27ના બજેટને કોંગ્રેસે 'આંકડાની માયાજાળ' ગણાવી ફગાવી દીધું છે. વિપક્ષે આક્ષેપ કર્યો છે કે જનતાને પ્રાથમિક સુવિધાઓ આપવાને બદલે ભાજપ શાસકો માત્ર વેરા વધારીને પ્રજાના ખિસ્સા ખંખેરી રહ્યા છે.**

# પાલેજના ટંકારીયા ગામે ચાલતા ગેરકાયદેસર ગૌ-કતલખાના પર પોલીસનો દરોડો

**દૈનિક પલ્સ સમાચાર:** પાલેજ પોલીસની નિષ્ક્રિયતાનો લાભ ઉઠાવી ટંકારીયા ગામે ગૌ-હત્યાના પાપનો પર્દાફાશ થયો છે. રાજ્યમાં ગૌ-વંશના કતલ વિરુદ્ધ અત્યંત કડક કાયદાઓ હોવા છતાં, હિંમતનગર અને પાલેજ જેવા વિસ્તારોમાં કતલખાનાઓ ધમધમી રહ્યા છે તે વાસ્તવિકતા છે. ટંકારીયા ગામે સોગરસા પીરની દરગાહની બિલકુલ સામે મેહબૂબ ઈસ્માઈલ ઉમટા નામના ઇસમના પશુ બાંધવાના અડાળામાં ચાલી રહેલા ગૌ-કતલખાના પર પોલીસે દરોડો પાડ્યો હતો.

આ કાર્યવાહીમાં પોલીસે સ્થળ પરથી 70 કિલો જેટલું ગૌ-માંસ ઝડપી પાડ્યું છે, જે દર્શાવે છે કે પોલીસ પહોંચે તે પહેલા જ નિર્દોષ ગૌવંશની કતલ કરી નાખવામાં આવી હતી. વધુમાં, અડાળામાં 3 ગાયો અને 2 નાના વાછરડાઓને અત્યંત નિર્દયતાથી ટૂંકા દોરડા વડે બાંધી રાખવામાં આવ્યા હતા, જેમને પણ ટૂંક સમયમાં જ કતલ કરી નાખવાનો હોવાની પૂરી શક્યતા હતી. પોલીસે જાવેદ ઇસ્માઈલ ઝીણાને ઘટનાસ્થળેથી દબોચી લીધો છે, જ્યારે મુખ્ય આરોપી મેહબૂબ ઉમટા અને અન્ય સાથીદારો ભાગી છૂટવામાં સફળ રહ્યા છે. પોલીસે કુલ 62,000નો મુદ્દામાલ જપ્ત કરીને બી.એન.એસ. કલમ 298, 325 તેમજ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-2017 ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. પરંતુ પ્રશ્ન એ ઉભો થાય છે કે શું માત્ર એક પ્યાદાની ધરપકડ કરવાથી આ કાળો કારોબાર અટકશે? રહેણાંક મકાનોની આસપાસ આટલી હદે ગૌવંશનું કતલ થતું હોય અને તંત્રને તેની ગંધ પણ ન આવે તે વહીવટી નિષ્ફળતા છે. વોન્ટેડ આરોપીઓ ક્યારે પકડાશે અને આ નેટવર્કના મૂળ સુધી પોલીસ ક્યારે પહોંચશે તે જોવાનું રહ્યું. હાલમાં તો આ ઘટનાને પગલે પંથકમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે અને ગૌ-રક્ષકોમાં રોષ વ્યાપ્યો છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**














# ભરૂચમાં રહેણાંક મકાનમાં ચાલતા ગેરકાયદેસર ગેસ રીફીલીંગનો પર્દાફાશ થયો

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચના પરીયેજ વિસ્તારમાં મોતનો વેપલો કરતા શખ્સ પર એસ.ઓ.જી.ની ટીમે લાલ આંખ કરી છે. બાતમી મળી હતી કે એક ઇસમ પોતાના રહેણાંક મકાનમાં અત્યંત જોખમી રીતે ગેસ રીફીલીંગ કરી રહ્યો છે. આ માહિતીના આધારે ટીમે તપાસ કરતા મકાનમાંથી ગેરકાયદે ગેસ ટ્રાન્સફર કરવાનું મસમોટું કૌભાંડ મળી આવ્યું હતું. આ જ્વલનશીલ પદાર્થને ગમે ત્યારે વિસ્ફોટ થઈ શકત, જે સમગ્ર મહોલ્લા માટે ઘાતક સાબિત થઈ શકત. દરોડા દરમિયાન પોલીસે ભારત ગેસ કંપનીના અલગ અલગ વજનના 23 સિલિન્ડર અને પ્રાઈવેટ કંપનીઓના 20 સિલિન્ડર મળી કુલ 43 બોટલ કબજે કરી છે. સાથે જ રીફીલીંગ માટે વપરાતી મોટર અને કાંટો પણ મળી આવ્યા છે. આરોપી માત્ર થોડા રૂપિયાની લાલચમાં લોકોના જીવ સાથે રમત રમી રહ્યો હતો. ભરૂચ એસ.ઓ.જી.એ આ ગુનામાં બી.એન.એસ.ની કલમ-287 અને 125 મુજબ કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી છે. આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે વહીવટી તંત્રની ઢીલી નીતિને કારણે આવા જોખમી કારોબાર ગલીએ ગલીએ ધમધમી રહ્યા છે. જો પોલીસ સમયસર ન પહોંચી હોત તો કોઈ મોટો અકસ્માત સર્જાઈ શકત. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**




**ભરૂચના પરીયેજમાં રહેણાંક મકાનો વચ્ચે મોતનો સામાન પીરસતા ગેરકાયદે ગેસ રીફીલીંગના નેટવર્કને એસ.ઓ.જી.એ ઝડપી પાડ્યું છે. લોકોની જીંદગી જોખમમાં મૂકી કમાણી કરતા તત્વો સામે પોલીસે રૂ. 89,200નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.**

# ઇડરના કાનપુરમાં પીકઅપની ટક્કરે આધેડનું મોત: પોલીસ તપાસ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના કાનપુર ગામે પૂરપાટ ઝડપે દોડતા વાહનોએ વધુ એક વ્યક્તિનો ભોગ લીધો છે. કાનપુર ગામ પાસે રોડ પરથી પસાર થઈ રહેલા 60 વર્ષીય એક આધેડ વ્યક્તિ જ્યારે લગ્ન પ્રસંગમાં જવા માટે નીકળ્યા હતા, ત્યારે એક અજાણ્યા પીકઅપ ડાલાના ચાલકે બેફામ રીતે વાહન ચલાવી તેમને ટક્કર મારી હતી. આ ટક્કર બાદ આધેડ રસ્તા પર ફંગોળાયા હતા અને ગંભીર ઇજાઓને કારણે તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

બનાવને પગલે ગ્રામજનોમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઇડર પોલીસ મથકે આ અંગે જાણ કરવામાં આવતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ પોલીસે મૃતદેહનો કબજો મેળવીને તેને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે. પોલીસે અકસ્માત સર્જનાર પીકઅપ ડાલાના ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે, હિંમતનગર અને ઇડર આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક અને સ્પીડના કારણે અકસ્માતોના બનાવો સતત વધી રહ્યા છે. લગ્ન પ્રસંગમાં જઈ રહેલા વડીલના અચાનક મોતના સમાચારથી પરિવારમાં માતમ છવાઈ ગયો છે. પોલીસે સીસીટીવી ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

**રિપોર્ટ : જનક જાદવ**



**સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકામાં આવેલા કાનપુર ગામ પાસે અકસ્માતની કરુણ ઘટના બની છે. રસ્તા પરથી પસાર થઈ રહેલા એક 60 વર્ષીય આધેડ, જેઓ લગ્ન પ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યા હતા, તેમને એક પીકઅપ ડાલાના ચાલકે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે આધેડનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે ઇડર પોલીસને જાણ કરાતા ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે પીકઅપ ડાલાના ચાલક સામે ગુનો નોંધીને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.**

# ઓનલાઈન પાર્સલમાંથી અસલી વસ્તુ ચોરતી ગેંગને અમદાવાદ પોલીસે ઝડપી

## અમદાવાદ ક્રાઈમ બ્રાંચ: ઓનલાઈન પાર્સલ ચોરી ગેંગનો પર્દાફાશ

**દૈનિક પલ્સ સમાચાર:** જો તમે એમ માનતા હોવ કે ઓનલાઈન મંગાવેલું પાર્સલ સીલબંધ હોવાથી સુરક્ષિત છે, તો સાવધાન થઈ જવાની જરૂર છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે એક એવી ટોળકીનો પર્દાફાશ કર્યો છે જે ઓનલાઈન પ્લેટફોર્મના પાર્સલમાંથી મિનિટોમાં અસલી કિંમતી વસ્તુઓ કાઢી નકલી વસ્તુઓ પધરાવી દેતી હતી. આ ટોળકીની મોડસ ઓપરેન્ડી જોઈને ખુદ પોલીસ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ છે. ઘટનાની વિગતો મુજબ, નવા નરોડામાં આવેલી એક કુરિયર કંપનીના સોફ્ટવેરમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું કે 1.34 લાખનો આઈફોન 17 પ્રો અને અન્ય કિંમતી ફોનના ઓર્ડર કેન્સલ થયા હતા, પરંતુ તે પાર્સલમાં છેડછાડ થયેલી હતી. કંપનીના કર્મચારી વિશાલ બાવરીની કડક પૂછપરછ કરતા સમગ્ર રેકેટ પરથી પડદો ઉંચકાયો હતો. આરોપીઓ અને તેમના મિત્રો ખોટા આઈડી અને સરનામાં પર મોંઘી વસ્તુઓના ઓર્ડર આપતા હતા. જ્યારે પાર્સલ ડિલીવરી માટે વિશાલ પાસે આવતું, ત્યારે આખી ટોળકી ભેગી થઈને તેને ઈન્જેક્શન અને ખાસ કેમિકલની મદદથી ખોલી નાખતી હતી.

સીલ ખોલવા માટે તેઓ એક પ્રવાહીનો ઉપયોગ કરતા હતા, જેનાથી પેકિંગ ફાટતું નહોતું. અંદરથી આઈફોન જેવી કિંમતી ચીજો કાઢી લીધા બાદ તેની જગ્યાએ ડમી ફોન મૂકી હેર ડ્રાયરની મદદથી પાર્સલ ફરી એવું પેક કરી દેતા કે જાણે કોઈએ તેને અડ્યું જ ન હોય. ત્યારબાદ ઓર્ડર કેન્સલ કરી પાર્સલ કંપનીમાં પરત કરી દેતા હતા. પોલીસની હાજરીમાં આરોપીઓએ માત્ર બે મિનિટમાં આ આખી પ્રક્રિયા કરી બતાવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે આ મામલે રામલાલ ગેહલોત, મનોજ માલી, ભરત સુંદેશા, વિશાલ પંચાલ અને વિશાલ બાવરીની ધરપકડ કરી છે. તેમની પાસેથી 8 અસલી અને 25 નકલી ફોન, એપલ વોચ, ગેમિંગ પ્રોસેસર, કેમેરા લેન્સ, હેર ડ્રાયર અને એક ગાડી મળી કુલ લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ ટોળકીએ વડોદરા, સુરત અને રાજસ્થાનમાં પણ આ પ્રકારે અનેક ગુના આચર્યા હોવાની કબૂલાત કરી છે. હજુ પણ આ ગેંગના અન્ય બે સાગરીતો રીશીપાલ ભાટી અને વિનોદની શોધખોળ ચાલી રહી છે. આ કિસ્સો ઓનલાઈન ખરીદી કરતી જનતા અને કુરિયર કંપનીઓ માટે એક મોટી ચેતવણી સમાન છે.




**અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ઓનલાઈન પાર્સલમાંથી કિંમતી આઈફોન કાઢી નકલી વસ્તુ પેક કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આરોપીઓ કેમિકલ અને હેર ડ્રાયરની મદદથી મિનિટોમાં પાર્સલ ખોલી છેતરપિંડી આચરતા હતા. પોલીસે 5 આરોપીઓની ધરપકડ કરી લાખોનો મુદ્દામાલ કબજે કર્યો છે.**

# ધોરવાડામાં કલેક્ટરની અધ્યક્ષતામાં રાત્રિ ગ્રામસભા યોજાઈ, પ્રશ્નોનું સ્થળ પર નિવારણ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ધોરવાડા ગામે વહીવટી પારદર્શિતા અને ત્વરિત ન્યાયનું ઉત્કૃષ્ટ ઉદાહરણ જોવા મળ્યું હતું. જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સાંદુના અધ્યક્ષ સ્થાને અહીં રાત્રિ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘણીવાર ગ્રામીણ જનતાને નાની-નાની સમસ્યાઓ માટે તાલુકા કે જિલ્લા મથકના ધક્કા ખાવા પડતા હોય છે, જેનો ઉકેલ લાવવા કલેક્ટર પોતે જનતાના દ્વારે પહોંચ્યા હતા.

ધોરવાડા ગામમાં યોજાયેલી આ રાત્રિ સભામાં ગામના વિકાસકામો અને પડતર અરજીઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ગ્રામજનોએ વીજળી, પાણીના નિકાલ અને મહેસૂલી પ્રશ્નો અંગે રજૂઆતો કરી હતી. કલેક્ટરે સ્થળ પર હાજર રહીને સંબંધિત અધિકારીઓને આદેશો આપી ત્વરિત ઉકેલ સુનિશ્ચિત કર્યો હતો. આ પ્રકારે રાત્રિ સભા યોજવાથી જે શ્રમિકો દિવસ દરમિયાન ખેતરો કે મજૂરીકામ અર્થે બહાર હોય છે તેઓ પણ સભામાં હાજર રહી શક્યા હતા.

જિલ્લા કલેક્ટરના આ પ્રશંસનીય કાર્યને પગલે ધોરવાડાના લોકોમાં વહીવટી તંત્ર પ્રત્યેનો વિશ્વાસ વધ્યો છે. ગામના આગેવાનોએ પણ જણાવ્યું હતું કે, જ્યારે ઉચ્ચ અધિકારીઓ ગ્રામીણ સ્તરે રૂબરૂ આવે છે ત્યારે વર્ષો જૂની સમસ્યાઓનો અંત આવે છે.

**રિપોર્ટ : જનક જાદવ**



**સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ધોરવાડા ગામે જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સાંદુની અધ્યક્ષતામાં રાત્રિ ગ્રામસભા યોજાઈ હતી. જેમાં ગ્રામજનોના પડતર પ્રશ્નો અને વિવિધ સમસ્યાઓનું સ્થળ પર જ નિરાકરણ લાવી વહીવટી તંત્રને લોકોના આંગણે પહોંચાડવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.**




# "શ્રી ચેહર પરિવાર સમાજ, હલધરવાસ" દ્વારા સામાજિક રિવાજોમાં સુધારો કરવા માટે તૈયાર કરવામાં આવેલું બંધારણ છે

- શ્રીમંત (ખોળો ભરાવવો): વહુ-દીકરીના ખોળા ભરાવવામાં સાડલા અને જણસ બંધ કરી રોકડ વ્યવહાર કરવો. જમણવાર બંધ રાખવો અને દાગીના લેવા-આપવા નહીં.
- જીયાણા પ્રસંગ: જીયાણામાં ઘરની સ્ત્રીઓએ મર્યાદિત સંખ્યામાં જવું.
- બર્થ-ડે: જન્મદિવસની ઉજવણી માત્ર ઘરના માણસો સાથે જ કરવી.
- બાળાવાળ પ્રસંગ: ડી.જે. કે ઢોલ વગર સાદાઈથી પ્રસંગ કરવો. દાગીના અને કાપડનો વ્યવહાર બંધ કરી માત્ર રોકડ વ્યવહાર કરવો.
- લગ્ન પ્રસંગ (ચાંલ્લો/વ્યવહાર): એક દીકરીના લગ્નમાં ₹1500 અને બે દીકરીના લગ્નમાં ₹2500 આપવા. વાળંદને ₹1100 આપવા.
- ઓઢણી-ચોલ્લા: આ પ્રથા સંપૂર્ણપણે બંધ કરવી.
- વેવાઈ-વેવાણ: વેવાઈને ત્યાં મળવા જવા માટે મર્યાદિત સંખ્યા (11 કે 21) રાખવી.
- હોળી તથા અન્ય તહેવાર: હોળી લઈને માત્ર બે વ્યક્તિઓએ જવું. પેન્ટ અને સાડી લઈ જવી. દિવાસો કે ગૌરીવ્રત જેવું કંઈ લઈ જવું નહીં કે લેવું નહીં.
- લગ્ન લેખન: લગ્ન લખાવવા માટે મર્યાદિત માણસોએ જવું.
- રસોડું (રાત્રે): રસોડાની રાત્રે બીડી-મસાલા, ચા અને નાસ્તો બંધ રાખવો.
- પીરસવાની વ્યવસ્થા: બહારના પીરસનારા બંધ કરી સમાજના પોતાના છોકરાઓને તૈયાર કરવા.
- સાબા કરીરી: લગ્ન પ્રસંગમાં આ રીવાજ બંધ કરવો.
- જાન સરભર: જાન સરભરમાં ₹1000 રોકડા આપવા, કાપડની પ્રથા બંધ કરવી.
- બ્રાહ્મણ અને વાળંદની દક્ષિણા: લગ્નમાં મહારાજને ₹1500 અને દીકરાના લગ્નમાં ₹1100 આપવા. વાળંદને લગ્નમાં ₹1500 અને દીકરાના લગ્નમાં ₹1100 આપવા.
- મામેરું: મામેરામાં મર્યાદિત માણસોને લઈ જવા.
  - મરણ પ્રસંગ:કાપડ લાવવું નહીં, માત્ર ફૂલહાર લાવવો.
  - મરણના ચોથા દિવસે દીકરીઓએ આવવું-જવું નહીં, માત્ર બેસણાના દિવસે જ આવવું.
  - વારાની પ્રથા (ખાણું) બંધ કરવી.
  - તેલ શોકમાં વાળંદને ઘર પૂરતો જ બોલાવવો.
  - મહારાજને ₹1100, વાળંદને ₹1100 અને મીરણાના ₹500 આપવા.
  - બેસણામાં મર્યાદિત માણસોએ જવું.
- બોધરણાની પ્રથા બંધ કરી હરિજનને ₹251 આપવા. દાઢી કરાવવાની પ્રથા બંધ કરવી.
- ધાર્મિક કાર્યક્રમો: ભજન, રામદેવપીરનો પાઠ, જવારા, ગરબા કે માતાજીના માંડવામાં સાઉન્ડનો અવાજ ધીમો રાખવો.
- ડી.જે. (DJ) પર પ્રતિબંધ: લગ્ન, બાળાવાળ, બર્થ-ડે કે મામેરામાં ડી.જે. વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. જાન કે વરઘોડામાં પણ તે લાવવું નહીં.
- ગાયકો: લગ્ન પ્રસંગે ગાવા વગાડવા માટે બહારના માણસો કે પીરસનારા રાખવા નહીં.

આ નિયમો સમસ્ત ચેહર પરિવાર દ્વારા માન્ય રાખવામાં આવ્યા છે.




# ઇડર: જર્જરિત ટાંકી તોડવાને બદલે પાલિકાએ માત્ર નોટિસ બોર્ડ બદલ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠાના ઇડર રેલ્વે ફાટક પાસે આવેલી જર્જરિત પાણીની ટાંકી તંત્રની લાપરવાહીનું સ્મારક બની ગઈ છે. આ ટાંકી ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેમ હોવા છતાં, ઇડર નગરપાલિકા તેને ઉતારી લેવાને બદલે નોટિસ બોર્ડ બદલવામાં વ્યસ્ત છે. અગાઉ પાલિકાએ બોર્ડ લગાવ્યું હતું કે 'અહીંથી પસાર થનારની જવાબદારી પોતાની રહેશે', જેની ટીકા થતા અને મીડિયામાં સમાચાર આવતા નાયબ કલેક્ટર અને ચીફ ઓફિસરે મુલાકાત લીધી હતી. પરંતુ તપાસના અંતે ટાંકી તોડવાનો આદેશ આપવાને બદલે માત્ર બોર્ડનું લખાણ બદલી નાખવામાં આવ્યું.

નવા બોર્ડમાં 'આ પાલિકાની મિલકત છે, પ્રવેશ કરવો નહીં' તેવું લખીને તંત્રએ પોતાની ચામડી બચાવવાનો પ્રયાસ કર્યો છે. અહીં વસતા ગરીબ પરિવારો રોજીરોટી માટે આ જ રસ્તેથી પસાર થાય છે, જેના પર સતત પથ્થર પડવાનો ભય રહે છે. જનતાનો સવાલ છે કે શું તંત્ર માત્ર કાગળ પર કાર્યવાહી કરીને કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? અન્ય વિસ્તારોમાં ટાંકીઓ તોડી નવી મંજૂર કરાય છે, તો આ ગરીબ વિસ્તાર સાથે અન્યાય કેમ? ઇડર પાલિકાની આ નઘરોળ નીતિ સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

**રિપોર્ટ : જનક જાદવ**







**ઇડર રેલ્વે ફાટક પાસે મોત સમાન બનેલી જર્જરિત ટાંકીને તોડવાને બદલે પાલિકાએ માત્ર નોટિસ બોર્ડ બદલીને સંતોષ માન્યો છે. તંત્રની આ જોખમી લાપરવાહીને કારણે સ્થાનિક રહીશોમાં ભારે રોષ અને અકસ્માતનો ભય જોવા મળી રહ્યો છે.**

# હિંમતનગરમાં ૨૭ વણકર પરગણાનો ત્રીજો ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગર શહેરમાં આવેલ મોડાસિયા પટેલ સમાજ વાડી ખાતે ૨૭ વણકર પરગણાના નેજા હેઠળ ત્રીજો સમૂહ લગ્નોત્સવ અત્યંત ભક્તિમય અને ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. આ સમૂહ લગ્નમાં ૨૧ નવયુગલોએ એકસાથે પ્રભુતામાં પગલાં માંડી આદર્શ જીવનની શરૂઆત કરી છે.

સમાજ ઉત્થાનના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. જેમાં વડગામના પૂર્વ ધારાસભ્ય અને જાણીતા ઉદ્યોગપતિ મણિલાલ વાઘેલા, રાજ્યના ગૃહ નિર્માણ મંત્રી દર્શનાબેન વાઘેલા, સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ શોભનાબેન બારૈયા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા સ્થાનિક ધારાસભ્ય વીરેન્દ્રસિંહ ઝાલાએ હાજર રહી દીકરીઓને આશીર્વાદ આપ્યા હતા. મંત્રી દર્શનાબેન વાઘેલાએ નવદંપતીઓને સુખી જીવનની કામના કરતા સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે પણ માર્ગદર્શન આપ્યું હતું. સમાજમાં કરકસર અને ખોટા ખર્ચાઓ ટાળવા માટે ૨૭ વણકર પરગણા દ્વારા લેવાયેલા આ પગલાને સૌએ બિરદાવ્યો હતો. લગ્ન મંડપમાં મંગલાષ્ટકોના ગાન સાથે યુગલોએ ફેરા ફર્યા હતા અને વડીલોના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજના લોકો અને પરિવારજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. **રિપોર્ટ : જનક જાદવ**




**સાબરકાંઠાના હિંમતનગર ખાતે મોડાસિયા પટેલ સમાજ વાડીમાં ૨૭ વણકર પરગણાનો ત્રીજો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ૨૧ નવયુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. કાર્યક્રમમાં રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા અને સાંસદ શોભનાબેન બારૈયા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી દંપતીઓને આશીર્વાદ આપ્યા હતા.**

# રાજકોટમાં 'સરપંચ પતિ' રાજ ખતમ: DDOએ લીધા કડક શિસ્તભંગના પગલાં

## રાજકોટ: હવે પત્નીના બદલે પતિ પંચાયતનો વહીવટ નહીં કરે



**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ જિલ્લામાં 'સરપંચ પતિ' પ્રથાના નામે ચાલતા લોકશાહીના મજાક પર જિલ્લા વિકાસ અધિકારી જય ગોસ્વામીએ આખરે પૂર્ણવિરામ મૂકવા કમર કસી છે. ગુજરાત પંચાયત અધિનિયમ-1993માં થયેલા સુધારા બાદ મહિલાઓને પંચાયતી રાજમાં 50 ટકા હિસ્સો તો મળ્યો, પણ સત્તાના સિંહાસન પર હજુ પણ 'સરપંચ પતિ'ઓ જ બિરાજમાન જોવા મળે છે. આ ગંભીર ઉલ્લંઘનને ધ્યાને રાખીને DDOએ એક સનસનાટીપૂર્ણ પરિપત્ર જારી કરીને તમામ તાલુકા વિકાસ અધિકારીઓને ચુસ્ત પાલન કરવા આદેશ આપ્યો છે.

પરિપત્રમાં સ્પષ્ટ શબ્દોમાં લખવામાં આવ્યું છે કે પંચાયતની કોઈપણ બેઠક કે સભામાં માત્ર ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિ જ હાજર રહેશે. તેમના બદલે તેમના પતિ, પુત્ર કે અન્ય કોઈ પુરુષ સંબંધીને સભામાં પ્રવેશવાની કે વહીવટમાં માથું મારવાની મનાઈ છે. આશ્ચર્યની વાત એ છે કે, અત્યાર સુધી ઘણી પંચાયતોમાં સરકારી દસ્તાવેજો અને ચેકબુક પર પણ મહિલાઓના બદલે તેમના પતિઓ સહી કરતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. આ દૂષણ માટે DDOએ તલાટી-કમ-મંત્રીઓને જવાબદાર ગણ્યા છે. જો હવે પછી કોઈ પણ પંચાયતમાં મહિલાના સ્થાને પુરુષ વહીવટ કરતો પકડાશે, તો સીધી ગાજ તલાટી પર પડશે અને તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. રાજકોટ DDOએ સૂચના આપી છે કે તાલુકા કક્ષાએથી સમયાંતરે આકસ્મિક તપાસ કરવામાં આવે. જો તપાસમાં સાબિત થશે કે મહિલા પ્રતિનિધિ માત્ર નામની છે અને વહીવટ કોઈ અન્ય કરે છે, તો તે મહિલા સદસ્ય કે સરપંચને ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ હોદ્દા પરથી બરતરફ કરવાની કાર્યવાહી પણ કરવામાં આવશે.

'દૈનિક પલ્સ સમાચાર' સવાલ ઉઠાવે છે કે, શું ખરેખર તલાટીઓ પોતાના ઉપરી અધિકારીઓના ડરથી 'બાહુબલી' સરપંચ પતિઓને રોકી શકશે? મહિલા સશક્તિકરણ માત્ર કાગળના સુધારાથી નહીં, પણ માનસિકતાના સુધારાથી આવશે. આ પરિપત્ર એવા લોકો માટે ચેતવણી છે જેઓ સ્ત્રીની સત્તાને પોતાની મિલકત સમજી બેઠા છે. હવે જોવાનું એ છે કે ગ્રામ્ય સ્તરે વહીવટી પારદર્શિતા આવે છે કે પછી આ આદેશ પણ સરકારી ફાઈલોમાં ધૂળ ખાતો પડી રહેશે.

**રાજકોટમાં 'સરપંચ પતિ' તરીકે વટ મારનારા પુરુષોની હવે ખેર નથી. DDO જય ગોસ્વામીએ કડક આદેશ આપ્યો છે કે મહિલા પ્રતિનિધિના સ્થાને જો પતિ વહીવટ કરતા જણાશે, તો જવાબદાર તલાટી સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.**

# મંત્રી કૌશિક વેકરીયાના હસ્તે શેડુભારમાં બોક્ષ કલવર્ટનું ખાતમુહૂર્ત કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં માર્ગ અને મકાન સુવિધાને સુદ્રઢ બનાવવાના ભાગરૂપે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે મહત્વના કામનું ખાતમુહૂર્ત કરાયું છે. શેડુભારમાંથી પસાર થતા ટોડા જરખીયા-અડતાળા-ખીજડીયા માર્ગ પરના જૂના કોઝ-વેની જગ્યાએ હવે આધુનિક બોક્ષ કલવર્ટનું નિર્માણ થશે. આ પ્રોજેક્ટ માટે અંદાજે રૂ. 56.60 લાખનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

આ નવીન બોક્ષ કલવર્ટમાં કુલ 6 સેક્શન (ખાના) હશે, જે દરેક 2 મીટર પહોળા અને 2 મીટર ઊંચા રહેશે. આ ટેકનિકલ ફેરફારને કારણે ચોમાસાના સમયે નદીમાં પાણીનું સ્તર વધે તો પણ રસ્તો ઓવરટેપ થવાની શક્યતા ઘટી જશે, પરિણામે ગ્રામજનોની અવરજવર ખોરવાશે નહીં. શેડુભાર ગામના સ્થાનિકોની લાંબા સમયની આ માંગણી રાજ્યમંત્રીશ્રી દ્વારા સ્વીકારવામાં આવતા સમગ્ર વિસ્તારમાં હર્ષની લાગણી ફેલાઈ છે.

ખાતમુહૂર્ત પ્રસંગે મંત્રીશ્રીએ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને સ્પષ્ટ સૂચના આપી હતી કે કામમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ન થવી જોઈએ. કાર્યક્રમમાં મહિલા અગ્રણીઓ અને ગ્રામજનોની વિશાળ હાજરીમાં પરંપરાગત રીતે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક નેતાઓ અને કાર્યકરોએ હાજર રહી સરકારના વિકાસલક્ષી અભિગમને બિરદાવ્યો હતો. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



**અમરેલીના શેડુભાર ગામે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે રૂ. 56.60 લાખના ખર્ચે બોક્ષ કલવર્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ સુવિધાથી ચોમાસા દરમિયાન નદીમાં પાણી હોવા છતાં ગ્રામજનોની અવરજવર ચાલુ રહેશે અને વાહનવ્યવહાર સરળ બનશે.**






# સુરેન્દ્રનગર: એસ.જે. વરમોરા કોલેજમાં નશામુક્તિ અભિયાન


દૈનિક પલ્સ સમાચાર: સુરેન્દ્રનગર જિલ્લામાં યુવા પેઢીને નશાના ગંભીર દૂષણથી બચાવવા માટે ગુજરાત NSUI દ્વારા એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. "ડ્રગ મુક્ત કેમ્પસ" અભિયાન અંતર્ગત શનિવાર, 7 ફેબ્રુઆરી 2026ના રોજ સુરેન્દ્રનગરની શ્રીમતી એસ.જે. વરમોરા મહિલા કોલેજ ખાતે એક વિશાળ જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીનીઓને નશામુક્ત જીવન જીવવા અને સમાજમાં પરિવર્તન લાવવા માટે પ્રેરિત કરવામાં આવી હતી.

NSUI સુરેન્દ્રનગરના પ્રમુખ યશપાલસિંહ પરમાર અને તેમની સમગ્ર ટીમે કોલેજ સંચાલન સાથે મળીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત NSUI ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી, પૂર્વ યુથ કોંગ્રેસ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, ડાયરેક્ટર નયનભાઈ વસિયાણી અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ પોતાના ઉદ્બોધનમાં નશાના કારણે તૂટતા પરિવારો અને બરબાદ થતા કારકિર્દીના કિસ્સાઓ વર્ણવી વિદ્યાર્થીઓને ચેતવ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે શિક્ષણ અને નશો ક્યારેય સાથે ન હોઈ શકે, તેથી કેમ્પસને ડ્રગ મુક્ત રાખવું એ દરેક વિદ્યાર્થીની નૈતિક જવાબદારી છે.

કાર્યક્રમમાં કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થીનીઓનો અભૂતપૂર્વ સહયોગ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીનીઓએ નશામુક્ત સમાજના નિર્માણ માટે આગળ વધવાની પ્રતિજ્ઞા લીધી હતી. મહેમાનો દ્વારા નશાની સામાજિક, શૈક્ષણિક અને ખાસ કરીને યુવાઓના આરોગ્ય પર થતી વિપરીત અસરો વિશે વૈજ્ઞાનિક અને સામાજિક દ્રષ્ટિકોણથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. NSUI સુરેન્દ્રનગરની ટીમે આ જાગૃતિ અભિયાનને મળેલા સકારાત્મક પ્રતિસાદ બદલ તમામ મહેમાનો અને કોલેજ પરિવારનો આભાર માન્યો હતો. આ સફળ આયોજન બાદ હવે જિલ્લાના અન્ય કેમ્પસમાં પણ આવી જાગૃતિ લાવવાના પ્રયાસો તેજ કરવામાં આવશે. **રિપોર્ટ : ડી.જી.જાડેજા**









# વડોદરામાં બેફામ રેન્જ રોવર ડિવાઈડર કૂદી ટ્રાફિક સિગ્નલ સાથે અથડાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના રાવપુરા વિસ્તારમાં ટાવર ચાર રસ્તા પર રાત્રિના સમયે એક હચમચાવી નાખે તેવો અકસ્માત જોવા મળ્યો છે. મોંઘીદાટ અને સુરક્ષિત ગણાતી રેન્જ રોવર કાર બેફામ ગતિના કારણે અકસ્માતનો ભોગ બની છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કારની સ્પીડ ખૂબ જ વધારે હતી. ઝુબેલીબાગથી રાવપુરા તરફ જતી વખતે ચાલકે કાબૂ ગુમાવતા કાર સીધી ડિવાઈડર પર ચઢી ગઈ હતી અને ટ્રાફિક સિગ્નલના લોખંડના પોલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અથડામણમાં કારના આગળના વ્હીલનો ભાગ તૂટીને અલગ થઈ ગયો હતો અને એરબેગ્સ ખુલી ગઈ હતી. જો કે, જેવી કાર ઉભી રહી કે તરત જ ચાલક અંદરથી નીકળીને અંધારાનો લાભ લઈ છૂમંતર થઈ ગયો હતો. મોંઘી ગાડીઓના માલિકો દ્વારા રસ્તા પર જે રીતે બેફામ ગાડીઓ ચલાવવામાં આવે છે તેને કારણે નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાય છે. રાવપુરા જેવા વ્યસ્ત વિસ્તારમાં રાત્રિના સમયે ટ્રાફિક ઓછો હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. હાલમાં ટ્રાફિક પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા આ ઘટનાની નોંધ લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**




**વડોદરાના રાવપુરામાં રાત્રિના સમયે બેફામ ગતિએ આવતી રેન્જ રોવર કાર ડિવાઈડર અને પોલ સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે કારનું ટાયર નીકળી ગયું હતું. એરબેગ્સને લીધે બચેલો ચાલક કાર મૂકીને ફરાર થઈ ગયો છે.**

# બોટાદ સોનાવાલા હોસ્પિટલમાં કેન્સર વોર્ડ શરૂ કરવા સ્થાનિકોની માંગ

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદ જિલ્લામાં કેન્સરના વધતા વ્યાપને રોકવા અને દર્દીઓને યોગ્ય સારવાર પૂરી પાડવા માટે હવે સ્થાનિક સ્તરે સુવિધાઓ વધારવાની માંગ પ્રબળ બની છે. સોનાવાલા સરકારી હોસ્પિટલના ડોક્ટરો અને સ્થાનિક અગ્રણીઓએ એક સૂરે આરોગ્ય મંત્રીને રજૂઆત કરી છે. રિપોર્ટર મનસુખ વાળાના જણાવ્યા અનુસાર, બોટાદ ભલે વિસ્તારની દ્રષ્ટિએ નાનો જિલ્લો હોય, પરંતુ અહીં છેલ્લા એક વર્ષમાં કેન્સરના 500થી વધુ દર્દીઓ સામે આવ્યા છે, જે આંકડો ચોંકાવનારો છે. જે દર્દીઓ પાસે સરકારી યોજનાના કાર્ડ છે તેઓ બહાર સારવાર મેળવી લે છે, પરંતુ કાર્ડ વગરના મધ્યમ અને ગરીબ વર્ગના દર્દીઓ માટે સારવારનો ખર્ચ ઉઠાવવો મુશ્કેલ બની રહ્યો છે.

સ્થાનિક નાગરિકો અને મેડિકલ સ્ટાફનું માનવું છે કે જો સોનાવાલા હોસ્પિટલમાં અલાયદો કેન્સર વોર્ડ અને કીમોથેરાપી જેવી સુવિધાઓ શરૂ કરવામાં આવે, તો બોટાદ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના હજારો લોકોને મોટી રાહત મળી શકે છે. આ માંગણી સાથે આરોગ્ય મંત્રીને પત્ર લખીને વહેલી તકે કાર્યવાહી કરવાની અપીલ કરવામાં આવી છે જેથી ગરીબ દર્દીઓને પોતાના જ જિલ્લામાં જીવતદાન મળી શકે. **રિપોર્ટ : મનસુખ વાળા**



**બોટાદ જિલ્લામાં વધતા કેન્સરના કેસોને ધ્યાને લઈ સોનાવાલા હોસ્પિટલમાં કેન્સર વોર્ડ શરૂ કરવાની માંગ ઉઠી છે. રિપોર્ટર મનસુખ વાળાના જણાવ્યા મુજબ, ગરીબ દર્દીઓની સુવિધા માટે સ્થાનિકો અને ડોક્ટરોએ આરોગ્ય મંત્રીને આ અંગે રજૂઆત કરી છે.**

# રાજ્ય પોલીસ વડાએ વડોદરામાં યોજી મહત્વની પ્રાદેશિક ક્રાઇમ કોન્ફરન્સ



## DGP રાવની વડોદરામાં ક્રાઇમ કોન્ફરન્સ: ANTF ઓફિસનું ઉદ્ઘાટન

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્ય પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવની અધ્યક્ષતામાં આજે વડોદરા ખાતે પ્રાદેશિક ક્રાઇમ કોન્ફરન્સ સંપન્ન થઈ હતી. પદભાર સંભાળ્યા બાદ પ્રથમવાર વડોદરા આવેલા DGPએ પોલીસ ભવનમાં શહેર અને રેન્જના અધિકારીઓ સાથે મેરેથોન બેઠક યોજી હતી. આ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના વિવિધ પોલીસ વિભાગો વચ્ચે સંકલન સુધારી ગુનાખોરીના દરમાં ઘટાડો કરવાનો છે.

DGPએ સાયબર સુરક્ષા અંગે મહત્વનો નિર્ણય લેતા જણાવ્યું કે, સાયબર ફ્રોડનો ભોગ બનનાર નાગરિકો માટે 1930 હેલ્પલાઇનની સુવિધાને વ્યાપક બનાવવામાં આવી રહી છે, જેની ક્ષમતા 90 થી વધારીને 180 લાઇન્સની કરવામાં આવશે. સાયબર જાગૃતિ માટેના કાર્યક્રમો પણ તેજ કરવામાં આવશે. નાર્કોટિક્સ સામેની લડાઈમાં વડોદરા હવે મુખ્ય કેન્દ્ર બનશે, કારણ કે નિઝામપુરા વિસ્તારમાં નવી ANTF (Anti-Narcotics Task Force) ઝોનલ કચેરીનું ઉદ્ઘાટન DGPના હસ્તે કરવામાં આવ્યું છે. આ ઓફિસ ડ્રગ્સ નેટવર્કને તોડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

પોલીસ બેડામાં પારદર્શિતા લાવવા માટે DGPએ કડક વલણ અપનાવતા કહ્યું કે, ગુનેગારો સાથે સાંઠગાંઠ ધરાવતા કોઈપણ પોલીસ કર્મચારીને બક્ષવામાં આવશે નહીં. વડોદરામાં તાજેતરમાં નાર્કોટિક્સ કેસમાં સંડોવાયેલા કર્મચારી સામે લેવાયેલા કડક પગલાં આ વાતની સાબિતી છે. રાજ્યમાં નવી થયેલી ભરતીમાંથી વડોદરાને 1000 LRD જવાનો ફાળવાયા છે, જ્યારે 112 ક્વિક એક્શન ફોર્સમાં વધુ 3000 જવાનોની ભરતી ટૂંક સમયમાં થશે. વડોદરાની 112 ઇમરજન્સી સેવાની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે, હાલમાં રાજ્યમાં વડોદરા પોલીસ સૌથી ઝડપથી લોકોની મદદે પહોંચી રહી છે. પોલીસ જવાનોના માનસિક સ્વાસ્થ્ય માટે તણાવ મુક્તિના કાર્યક્રમો પણ તાલીમનો હિસ્સો બનશે. આ પ્રકારની પ્રાદેશિક કોન્ફરન્સ આગામી દિવસોમાં સુરત, અમદાવાદ અને રાજકોટમાં પણ યોજાશે.

**રાજ્ય પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવે પ્રથમ વખત વડોદરાની મુલાકાત લઈ પોલીસ ભવન ખાતે ઉચ્ચ સ્તરીય ક્રાઇમ કોન્ફરન્સ યોજી હતી. આ બેઠકમાં સાયબર ક્રાઇમ, નાર્કોટિક્સ અને ટ્રાફિક જેવા મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. DGPએ જણાવ્યું કે સાયબર છેતરપિંડી રોકવા 1930 હેલ્પલાઇનની સુવિધા વધારવામાં આવશે. ઉપરાંત, નિઝામપુરામાં નવી Anti-Narcotics Task Force (ANTF) ઝોનલ ઓફિસનું ઉદ્ઘાટન કરાયું હતું. વડોદરામાં 112 PCR સર્વિસ રાજ્યમાં સૌથી ઝડપી પ્રતિસાદ આપી રહી હોવાનું જણાવી તેમણે પોલીસ સ્ટાફની કામગીરી બિરદાવી હતી.**

# માળિયા મિયાણા: ગોચર જમીન મીઠા ઉદ્યોગને આપતા ખેડૂતોનો વિરોધ

**દૈનિક પલ્સ સમાચાર:** માળિયા મિયાણા તાલુકામાં ગોચરની જમીન પર મીઠા ઉદ્યોગના અતિક્રમણને લઈને વિવાદ વકર્યો છે. આજે મોટી સંખ્યામાં ખેડૂતો અને માલધારીઓ મામલતદાર કચેરીએ ઉમટી પડ્યા હતા. વિરોધનું મુખ્ય કારણ સર્વે નંબર 235 પૈકીની 500 એકર જમીન છે, જે વર્ષો જૂની ગોચરની જમીન હોવા છતાં મીઠા ઉદ્યોગ માટે લીઝ પર આપી દેવાઈ છે.

રજૂઆત દરમિયાન મામલતદારના મિજાજને લઈને પણ ગરમાવો જોવા મળ્યો હતો. સ્થાનિકોનો આક્ષેપ છે કે મામલતદારે રજૂઆત સાંભળવાને બદલે લોકોને મોરબી કલેક્ટર કચેરીએ જવા કહી દીધું હતું. જોકે, લોકોની મહેનત અને દલીલો બાદ ગેરકાયદેસર થયેલી નોંધો વિરુદ્ધની અરજી સ્વીકારવામાં આવી હતી. માલધારીઓનું કહેવું છે કે જો ગોચરની જમીન ઉદ્યોગોને આપી દેવાશે તો તેમના પશુઓ ક્યાં જશે?આવેદનપત્રમાં ચીમકી આપવામાં આવી છે કે જો આ ગેરકાયદેસર પ્લોટની મંજૂરી તાત્કાલિક રદ નહીં થાય, તો તેઓ ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરશે અને પોતાના ઢોર-ઢાંખર સાથે રસ્તાઓ જામ કરશે.



ખેડૂતોએ વધુમાં જણાવ્યું હતું કે સ્થાનિક તંત્રના નકારાત્મક વલણ સામે તેઓ હવે હાઈકોર્ટના દ્વાર ખખડાવતા પણ અચકાશે નહીં. આ ઘટનાને પગલે સમગ્ર માળિયા પંથકમાં ચકચાર મચી જવા પામી છે.




# વડોદરા: વર્ષ 2026-27 માટે રૂ. 7672 કરોડનું બજેટ મંજૂર

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકાના વર્ષ 2026-27ના નાણાકીય વર્ષ માટે સ્થાયી સમિતિએ કમિશનરના ડ્રાફ્ટ બજેટને સુધારા-વધારા સાથે મંજૂરી આપી દીધી છે. મ્યુનિસિપલ કમિશનરે રજૂ કરેલા રૂ. 7609 કરોડના બજેટમાં સ્થાયી સમિતિએ રૂ. 63.21 કરોડનો માતબર વધારો કરતા હવે કુલ બજેટનું કદ રૂ. 7672.21 કરોડ થયું છે. સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રી દ્વારા રજૂ કરાયેલા આ બજેટમાં વડોદરાના સર્વાંગી વિકાસ માટે અનેક મહત્વકાંક્ષી જોગવાઈઓ કરવામાં આવી છે.

**વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર:** શહેરના પરિવહન માળખાને સુધારવા માટે ઈનર રિંગ રોડ (સમા-સાવલીથી સેવાસી સુધી) ના બ્લોકેજ દૂર કરવાની કામગીરી હાથ ધરાશે. લાલબાગથી જેલ રોડ સુધીના એલિવેટેડ કોરિડોર માટે સર્વે અને DPR તૈયાર કરવાનું આયોજન છે. પાણીના સ્ત્રોત વધારવા માટે પ્રતાપપુરા સરોવરને ઊંડું કરવા માટે નવું બજેટ હેડ ઊભું કરવામાં આવ્યું છે, સાથે જ શહેરના તળાવોને એકબીજા સાથે જોડવા માટે (ઇન્ટરલિંકિંગ) સર્વે કરવામાં આવશે.

નાગરિક સુવિધા અને મહિલા સુરક્ષા: મહિલાઓની સુવિધાને પ્રાથમિકતા આપતા શહેરમાં પિંક ટોયલેટ અને પિંક ફીડિંગ રૂમ બનાવવામાં આવશે. જુના ટોયલેટ બ્લોક્સનું રિનોવેશન પણ બજેટનો હિસ્સો છે. શહેરના નગર ગૃહમાં હવે ટિકિટોની ફાળવણી 12 થી વધારીને 20 કરવામાં આવશે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે 'શેડો કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર' સ્થાપવામાં આવશે જેથી કટોકટીમાં કામગીરીમાં કોઈ વિક્ષેપ ન પડે.

**વહીવટી અને નાણાકીય સુધારા:** તંત્રમાં પારદર્શિતા અને આવક વધારવા માટે QR કોડ સાથેના વેરા બિલ, ઓડિટ રિપોર્ટ અને એડવાન્સ વેરા માટે રિબેટ સ્કીમ જાહેર કરવામાં આવી છે. આર્બિટ્રેશન કેસોમાં ઈજારદારોને નવા કામ ન આપવા અને સિનિયર વકીલોની સમિતિ બનાવી સમાધાન કરવા જેવો કડક નિર્ણય લેવાયો છે. વહીવટી કામગીરીમાં આધુનિકતા લાવવા AI લેબ અને સેન્ટ્રલાઈઝ્ડ ડેટા સેન્ટર ઊભું કરાશે.

**નીતિગત નિર્ણયો:** બજેટમાં નવી સ્પોર્ટ્સ પોલિસી, સ્ક્રેપ પોલિસી અને કન્ડમ પોલિસી લાગુ કરવાનું નક્કી થયું છે. કોર્પોરેશનની આવક વધારવા માટે શોપિંગ સેન્ટર અને પ્લોટના ભાડા માટે નવી નીતિ ઘડવામાં આવશે. શહેરમાં આડેધડ થતું ખોદકામ અટકાવવા 'કો-ઓર્ડિનેશન સેલ' તમામ વિભાગોના NOC બાદ જ કામગીરીની મંજૂરી આપશે.

આમ, વડોદરાનું આ બજેટ માત્ર આંકડાકીય માયાજાળ નથી, પરંતુ તેમાં ટેકનોલોજી, મહિલા સુવિધા, પર્યાવરણ અને આર્થિક શિસ્તનો સમન્વય જોવા મળે છે. આગામી દિવસોમાં આ બજેટ સામાન્ય સભામાં ચર્ચા માટે રજૂ કરવામાં આવશે.



**વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ વર્ષ 2026-27 માટે રૂ. 7,672.21 કરોડનું બજેટ મંજૂર કર્યું છે. કમિશનરે રજૂ કરેલા મૂળ ડ્રાફ્ટમાં રૂ. 63.21 કરોડનો વધારો કરવામાં આવ્યો છે, જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જનસુવિધાના કામો પર વિશેષ ભાર મુકાયો છે.**

# પાલનપુર: સુખ બાગ રોડથી કે.કે.ગોઠી હાઈસ્કૂલ સુધી પેવર રોડ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** પાલનપુર શહેરના નકશામાં પરિવહન સુવિધાઓને સુદ્રઢ બનાવવાના ભાગરૂપે એક મહત્વનો પ્રોજેક્ટ અમલી બન્યો છે. શહેરના વ્યસ્ત ગણાતા સુખ બાગ રોડથી હાઈવે સુધીના જોડાણને સુધારવા માટે પેવર રોડ બનાવવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવ્યું છે. સ્વાગત માર્ટથી શરૂ કરીને કે.કે.ગોઠી હાઈસ્કૂલ સુધીના આશરે સમગ્ર પટ્ટા પર શહેરી વિકાસ અંતર્ગત નવો રોડ તૈયાર કરવામાં આવી રહ્યો છે. સ્થાનિક રહીશોની લાંબા સમયની રજૂઆતો બાદ આ પ્રોજેક્ટને મંજૂરી મળી છે. કે.કે.ગોઠી હાઈસ્કૂલ પાસે હાઈવે પરથી આવતા વાહનો માટે આ માર્ગ શોર્ટકટ સાબિત થાય છે, પરંતુ રોડની ખરાબ હાલતને કારણે અકસ્માતનો ભય રહેતો હતો. હવે પેવર રોડના નિર્માણથી રસ્તો મજબૂત અને ટકાઉ બનશે. એન્જિનિયરોની દેખરેખ હેઠળ ગુણવત્તાયુક્ત મટિરિયલનો ઉપયોગ કરીને કામગીરી કરવામાં આવી રહી છે.


આ કામગીરી શરૂ થતા સુખ બાગ રોડ અને આસપાસની સોસાયટીઓના રહીશોએ તંત્રનો આભાર માન્યો છે. આ રોડ તૈયાર થવાથી માત્ર ટ્રાફિકનું ભારણ જ નહીં ઘટે, પરંતુ હાઈવેથી શહેર તરફ આવતા લોકો માટે મુસાફરી વધુ આરામદાયક બનશે. આગામી દિવસોમાં પાલનપુરના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારે રસ્તાઓના નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે.



# શિક્ષકોની અપીલ: બોર્ડની પરીક્ષાને ધ્યાને રાખી ક્રિકેટ ટુર્નામેન્ટ મોકૂફ રાખો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ ટીચર્સ ક્રેડિટ સોસાયટીમાં આગામી સમયમાં ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજનની વિચારણા ચાલી રહી છે, જેની વચ્ચે શિક્ષક આલમમાંથી જ આ આયોજનને મોકૂફ રાખવાની માંગ ઉઠી છે. સોસાયટીના સભાસદ રાકેશ ગિરીએ પ્રમુખ મનોજભાઈ પટેલને પત્ર લખીને આ બાબતે નમ્ર વિનંતી કરી છે. તેમણે પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, વિતેલા સમયમાં શિક્ષક સમાજના ઘણા સભ્યોએ અંગત જીવનમાં અનેક મુશ્કેલીઓ વેઠી છે. ઘણા શિક્ષકો અને તેમના સગા-સંબંધીઓએ માંદગી અને અનિચ્છનીય બનાવોનો સામનો કર્યો છે, જેના કારણે માનસિક અને શારીરિક રીતે આરામની જરૂર છે. બીજી તરફ, શૈક્ષણિક વર્ષના અંતિમ ચરણમાં બોર્ડની પરીક્ષાઓ પણ નજીક છે. શિક્ષકો માટે આ સમય વિદ્યાર્થીઓને તૈયાર કરવાનો અને સરકારી જવાબદારીઓ નિભાવવાનો છે.

આવા વાતાવરણમાં જો ક્રિકેટનું આયોજન થાય, તો તે સમય અને શક્તિનો વ્યય થઈ શકે છે. સભાસદ રાકેશ ગિરીએ ખૂબ જ નમ્રતાપૂર્વક પ્રમુખશ્રીને અપીલ કરી છે કે શિક્ષક પરિવારોના હિતમાં અને વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે આ આયોજન ન કરવામાં આવે. હાલના તબક્કે સરકારી કામગીરી અને શિક્ષકોની સુખાકારીને પ્રાધાન્ય આપી ક્રિકેટ ટુર્નામેન્ટ હાલ પૂરતી મોકૂફ રાખવી એ જ યોગ્ય નિર્ણય ગણાશે.




**અમદાવાદ મ્યુનિસિપલ ટીચર્સ ક્રેડિટ સોસાયટીના સભાસદ રાકેશ ગિરીએ પ્રમુખ મનોજભાઈ પટેલને ક્રિકેટ ટુર્નામેન્ટ મોકૂફ રાખવા અપીલ કરી છે. આગામી બોર્ડની પરીક્ષાઓ અને શિક્ષકોના પરિવારોમાં માંદગી તથા દુઃખદ બનાવોને ધ્યાને રાખી આ રજૂઆત કરવામાં આવી છે.**